**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**
છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧**/–
વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦**/ (વિમાનથી) આજીવન **૫૦૦૦**/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧. ફોન : **૨૪૭૧૨૩૦,૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો :** ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રીગોરધનભાઈ કલોલા (કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો C/o ડૉ.બી.જે.જાગાણી, ૨૪–નાલંદા ટેનામેન્ટ, હિલડ્રાઇવ, ભાવનગર(ફોન-૨૪૭૧૨૩૦)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

You can know about Shree Mahatmaji & Shree Maa from Website 'SWARGAROHAN.ORG'

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| અમૂલ્ય અને અનુકરણીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| પ્રભુ માટેની દૈનિક પ્રાર્થનાઓ | મા સર્વેશ્વરી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૭ |
| પૂ. માના સાન્નિધ્યમાં બાળકોએ માણ્યું અનોખું વેકેશન | નારાયણ જાની | ૧૧ |
| નાનાં બાળકોનું અનોખું સર્જન | ભરત ત્રિવેદી | ૧૬ |
| Question & Answer Session | Pujya Maa | ૧૯ |
| મા–અમૂલ્ય મિરાત | નીલમ પરીખ | ૨૫ |
| પૂ.શ્રીના જન્મદિનની ઉજવણી | તંત્રી | ૨૮ |
| અમને નાખો જિંદગીની આગમાં! | ડો. આઇ. કે. વિજળીવાળા | ૨૯ |
| કઠ ઉપનિષદ | યોગેશ્વરજી | ૩૯ |
| Death : A complete circle | Parth Pathak | ૪૬ |
| પ્રશ્નોત્તરી–ગુરુ કૃપા, ગુરુની આવશ્યક્તા | શ્રી યોગેશ્વરજી | ૪૯ |
| પનામાનો પુણ્ય પ્રવાસ | મા સર્વેશ્વરી | ૫૩ |
| રામનામનો મહિમા | ગાંધીજી | ૫૮ |
| રસેશ્વરી | યોગેશ્વરજી | ૬૧ |

# અમૂલ્ય અને અનુકરણીય સહાય

અર્ધી સદીથી વિદેશ વસે છે, છતાં ભારતીય પરંપરાને લક્ષમાં રાખી, વિશાળ પરિવારને પ્રેમ અને સંપથી એક જ ડાળ ઉપર ધર્મપરાયણ બનાવવા મથી રહ્યાં છે, એવાં શ્રી ગુલાબબહેન ભૂલાભાઈ તરફથી અધ્યાત્મનો આ અંક પ્રસિદ્ધિ પામી રહ્યો છે.

શ્રી ગુલાબબહેનની સર્વ વિશેષતાઓને અભિનંદન.

—મા સર્વેશ્વરી



# પ્રભુ માટેની દૈનિક પ્રાર્થનાઓ

મા સર્વેશ્વરી

(૧)

હે પ્રભુ! અમારા કર્તા, પાલનકર્તા, બુદ્ધિદાતા તારનાર, માત, પિતા, સ્વામી, મિત્ર અને સગા તમે જ છો.

તમે નિર્ધનનું ધન, નિર્બળનું બળ અને દુઃખીજનોના દોસ્ત છો.

તમે સૌથી મોટામાં માટા, સર્વના શિરોમણિ ને સૌના પૂજનીય દેવ છો.

તમારા હુકમથી જ સૂર્ય તપે છે. તમારા હુકમથી જ વરસાદ વરસે છે, તમારા હુકમથી વાયુ વાય છે, તમારા હુકમથી જ સમુદ્રમાં ભરતી ઓટ થાય છે અને તમારા હુકમથી જ ઋતુઓ એક પછી એક આવે છે ને જાય છે.

(૨)

કાનમાં સાંભળવાની શક્તિ, આંખમાં જોવાની શક્તિ, નાકમાં સૂંઘવાની શક્તિ, દાંતમાં ચાવવાની શક્તિ, પગમાં ચાલવાની શક્તિ ને જીભમાં બોલવાની શક્તિ એ બધી તમારી જ શક્તિઓ છે અને તે બધી કૃપા કરીને જ તમે અમને આપેલી છે.

તમે આગળ છો, તમે પાછળ છો, અંદર છો, તમે બહાર છો, તમે ઉપર છો, તમે નીચે છો, તમે દશે દિશામાં વ્યાપી રહ્યા છો. પ્રભુ! એવી કોઈ પણ જગ્યા નથી કે જ્યાં તમે ન હો.

(૩)

ડુંગરની ટોચ ઉપર, સમુદ્રના તળિયામાં, વેરાન જંગલના

મધ્યમાં, અંધારી ગુફામાં, અને અમારા અંતરમાં પણ એક તમારો જ વાસ છે.

તમારી ઇચ્છાથી અમે ઉત્પન્ન થયા છીએ, માટે તમે અમારા કર્તા છો.

તમે આજ દિન સુધી અમોને નિભાવ્યા છે, માટે તમે અમારા પાલનકર્તા પણ તમે જ છો. અમને સારાં કામો કરવાની તમે બુદ્ધિ તથા તક આપો છો, માટે અમારા ખરા ગુરુ પણ તમે જ છો.

(૪)

પ્રભુ! તમે અમને ઝાડ, પહાડ, પથ્થર કે પશુપક્ષી ન કર્યા, પણ ઉત્તમ મનુષ્ય અવતાર આપ્યો, એ કેટલો બધો ઉપકાર છે?

હે નાથ! તમે અમને જોવાને આંખો આપી છે, સાંભળવાને કાન આપ્યા છે, ચાલવાને પગ આપ્યા છે અને વિચારવાને બુદ્ધિ આપી છે, એ શું થોડો ઉપકાર છે?

તમારો સૂર્ય અમને ઉજાસ આપે છે, તમારી નદીઓ અમને જળ આપે છે અને તમારી પૃથ્વી અમને ખાવાને અન્ન આપે છે. પ્રભુ, આ કાંઇ અમારા ઉપર જેવી તેવી કૃપા નથી.

(૫)

તમે અમને ખાવાને અન્ન, પીવાને પાણી, પહેરવાને વસ્ત્રો ને રહેવાને ઘર આપો છો. પ્રભુ! દરરોજ તમે રાત્રિએ સૂતી વખતે અમારી સંભાળ લો છો તથા જીવતા ઉઠાડો છો અને જેમ પુત્રની પિતાને કાળજી હોય તેવી ચિંતા રાખી સદા સૌ વસ્તુઓ પૂરી પાડો છો, એ કેટલી બધી દયા છે? પ્રભુ! કોઇ માણસ ચાહે તો આસમાનના તારાઓ ગણી શકે, માથાના વાળ પણ ગણી શકે, કોઇ સમુદ્રના મોજાઓ પણ ગણી શકે ને કદી કોઇ વરસાદના ટીપા પણ ગણી શકે, પણ હે પ્રભુ! તમારા ઉપકાર તો કોઇથી પણ ગણ્યા જાય તેમ નથી.



(૬)

હે પ્રભુ! અમે અમારા જન્મની અગાઉ ક્યાં હતા, તે અમે જાણતા નથી, પણ જ્યારે તમારી મરજી થઇ, ત્યારે તમે અમને જન્મ આપ્યો.

ગર્ભમાં પણ તમે જ અમારી સંભાળ લીધી હતી અને હમણાં પણ તમે જ અમારી સંભાળ લો છો. અમને ઉછેરવામાં અમારા માબાપે બહું સંભાળ લીધેલી છે, પણ હે પ્રભુ! અમને જિવાડવાની જો તમારી મરજી ન હોત તો તેઓ કાંઇ કરી શકત નહીં.

(૭)

અમારી પાછળ જન્મેલા ઘણા માણસો અમારી નજર આગળથી વિદાય થયા છે અને અમે હજુ જીવીએ છીએ, એ કેટલો મોટો ઉપકાર છે.

તમે અમને મનુષ્ય બનાવ્યા, એટલું જ નહીં પણ ઉત્તમ કુળ, પ્રેમી માતાપિતા આપ્યા છે. એ બધી તમારી કૃપાની નિશાની છે.

અમારા પગના તળિયાંથી તે માથાના વાળ સુધી એવી કોઇ પણ વસ્તુ નથી કે જે તમોએ અમને આપી ન હોય, એટલું જ નહીં પણ આખો દહાડો કે આખી રાત્રિમાં એવી એકે પળ નથી કે તમે અમારી સંભાળ લેતા ન હો.

(૮)

અમે તમારી પૃથ્વી ઉપર ચાલીએ છીએ, તમારા સૂર્યના તેજ વડે કામકાજ કરીએ છીએ, તમારું સરજેલું પાણી પીને રહીએ છીએ અને તમારી ઉત્પન્ન કરેલી હવા વડે જીવીએ છીએ. માટે હે નાથ! અમે સર્વ પ્રકારે તમારે લીધે જ છીએ. તમારા નિભાવ્યા જ નભી રહ્યા છીએ, એમાં કાંઇ પણ સંદેહ નથી

(ક્રમશઃ)

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

**વર્ષ : ૩૩ જુલાઈ—૨૦૧૧ અંક ૧૦**

## શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**સ્થળઃ—૮૬, કોટયર્ક નગર, રાંદેર રોડ, સુરત.**

**તા.૧૯/૩/૮૨ શુક્રવાર**

સવારે પૂ.શ્રી ઉઠ્યા ત્યારે તેમની આંખો ઉપર ભારે સોજો જણાયો. પરિણામે સ્નાનબાદ શીર્ષાસન કરવાથી તે વધ્યો હોય એવું લાગ્યું. જેથી આજે પૂ.શ્રીએ ફરજિયાત આરામ જ કરવો પડ્યો.

મુલાકાતમાં નીચે મુજબના વિવિધ પ્રશ્નોની ચર્ચા થઈ. આજે મુલાકાતીઓ અંદર ને બહાર ભરાય ગયા હતા. હવે વિદાયના દિવસો નજીક છે, જેથી મુલાકાતીઓ વધવા લાગ્યા છે.

પ્રશ્નની શરૂઆત એક વૃદ્ધ બેન કરે છેઃ-

**પ્રશ્ન :** સોહમ્ કે ૐ જપ કરવા જોઈએ. હું સોહમ્ કરું છું.

**પૂ.શ્રી :** સોહમ્ જપો. વધારે ભાગે તે વેદાંતનો મંત્ર છે. તેને તમે શ્વાસોશ્વાસે જપો છો તે સારું છે.

**પ્રશ્ન :** મારા દેવસ્થાનમાં બધા જ દેવદેવીના ફોટા છે. જેથી



હું બધા જ દેવદેવીની ૧, ૧ માળા કરું છું. તો મંત્ર એક જ હોવો જોઈએ?

**પૂ.શ્રી :** બધા દેવદેવીને પ્રણામ કરો ને દરેક પાસે માંગો કે મારા ઈષ્ટદેવ છે તેમાં મારી શ્રદ્ધાભક્તિ વધારો. તુલસીદાસે રામાયણમાં સૌની સ્તુતિ કરી, પણ માંગ્યું રામાયણમાં ભક્તિ જ.

આ તો એક જ કન્યા ઘણાંને લવલેટર લખે અને તે બધા ભેગા થાય તો તેઓ વિચારે કે આ કન્યા તો બધાને જ પત્રો લખે છે, ચાહે કોને છે તે સમજાતુ નથી. તો એક જ મંત્ર. એક જ દેવને આરાધો. એમ માનો કે એ બધા આ એક જ સ્વરૂપમાં સમાયેલા છે.

**પ્રશ્ન :** મારા ગુરુએ મને કૃષ્ણમંત્ર આપ્યો છે ને મને રામ ગમે છે.

**પૂ. શ્રી :** ગુરુને એની વાત કરેલી અથવા એક માળા ગુરુમંત્રની કરી વધારે જપ રામના જ કરો.

**પ્રશ્ન :** ગુરુ દક્ષિણા ને શક્તિપાત એટલે શું?

**પૂ. શ્રી :** ગુરુની ઈચ્છા હોય તો આશીર્વાદ આપે. મંત્ર આપે. ને સ્પર્શથી સંકલ્પથી મંત્રદીક્ષા આપે.

અને શક્તિપાત એટલે તમે શું માનો છો?

**તે ભાઈ :** શું ગુરુ શિષ્યમાં શક્તિ રેડે છે?

**પૂ. શ્રી :** મતબલ કે એ ઉધારિયો ધંધો છે. પોતે ધંધો કરવો નહીં ને લોકોના પૈસા પડાવવા એમાં હું માનતો નથી. આ ફૂલ છે એની આ પાંદડી સૂર્યપ્રકાશથી ખીલે, પ્રગટે, વિકસે. એ રીતે શિષ્યની શક્તિ વિકાસ પામે તે જરૂરી છે, પણ કોઈની ઉધાર શક્તિ કોઈનામાં રેડાવવી એ ઉધાર કામ છે.

**પ્રશ્ન :** ગુરુની સાધના માર્ગે જરૂર ખરી?

**પૂ. શ્રી :** યોગમાર્ગની સાધનામાં જરૂર ખરી, પણ તમારે વહેલા ઉઠવું છે. કસરત કરવી છે. પ્રાર્થના કરવી છે. તેમાં ગુરુની જરૂર ખરી? ગુરુ ન મળે ત્યાં સુધી આ કામ માટે રાહ જોશો? ના. તમારી મેળે જ કરવા માંડો.

અને તમને એવી તાલાવેલી જાગે ગુરુ માટે, તો પ્રભુ ગુરુને માનવરૂપે, ગ્રંથરૂપે મોકલી આપશે.

**પ્રશ્ન :** અમારા ગુરુના દીક્ષિત થયેલા શિષ્યે અમને મંત્ર આપ્યો તો અમારે ગુરુ કોને ગણવા?

**પૂ. શ્રી :** અરે ભાઈ, કોઠાના ઝાડને પણ ગુરુ માની શકાય. દત્તાત્રયે ચોવીસ ગુરુ કરેલા જ ને! તમને જેમણે મંત્ર આપ્યો તે જ તમારા ગુરુ. શ્રદ્ધા જ તમને વિજયી બનાવશે.

**પ્રશ્ન :** ભક્તિમાર્ગે પ્રાણ શુદ્ધિ જરૂરી છે?

**પૂ. શ્રી :** પ્રાણશુદ્ધિ કેવી રીતે થાય? પ્રથમ તો આહાર શુદ્ધ જોઈએ. જેવું અન્ન તેવું મન. આહાર શુદ્ધિ પછી વિચાર શુદ્ધિ. વિચાર શુદ્ધિ પછી આચાર શુદ્ધિ. આ બધી શુદ્ધિઓ થાય. પ્રાણની શુદ્ધિ આપો આપ આ બધાથી થશે. ફક્ત પ્રાણાયામથી તે શુદ્ધ ન થાય. પ્રાણાયમ કરો ને જે નથી ખાવાનું, નથી પીવાનું તે ખાવા પીવાનું ચાલુ રાખો તો પ્રાણ શુદ્ધ કેવી રીતે થશે!

**પ્રશ્ન :** કામ વાસનાને રોકવા શું કરવું?

**પૂ. શ્રી :** સૌ પ્રથમ તો ઠંડુ પાણી માથા પર રેડી લો, સ્નાન કરી લો. તે વખતે સ્નાન નહીં ગમશે પણ કરી લો.

આ શંકર ભગવાનને પાણી ચઢાવ ચઢાવ કરીએ છીએ તે પાણી આપણે માથે જ રેડો ને! શંકરને પાણીની જરૂર નથી.

**પ્રશ્ન :** (એ પ્રશ્ન ચીઠ્ઠીમાં આવ્યો) આત્મ સમર્પણ કરવું છે તો તમે એ માટે યોગ્ય લખી આપો.

**પૂ. શ્રી :** (ફક્ત આટલા જ લખાણ ઉપરથી ક્યું આત્મ



સમર્પણ શા માટે કરવું છે? માનવ માત્ર ભૂલને પાત્ર. ભૂલો થઈ છે ને?)

હા.

તો તે ભૂલી જાઓ. તમારે પાંચ મિનિટ મળવા માટે જોઈતી હતી ને?

તો હવે મળવાની જરૂર નથી ને! હવે સંતોષ થઈ ગયો, આનંદ કરો. હજુ તો કેટલા બધા નાના છો? જીવન ઘણું લાંબુ છે. નિરાશ ન થવાનું.

**પ્રશ્ન :** ૐ નમઃ શિવાય જપું છું તે બરાબર છે?

**પૂ. શ્રી :** ૐ નમઃ શિવાય બોલો. પંચાક્ષર મંત્ર પવિત્ર છે. તે જ જપો. પછી પૂ. શ્રી શિવમહિમ્નની શિવસ્તુતિ ગાઈ સંભળાવે છે.

**પ્રશ્ન :** હું આગળ વધી શકીશ કે પાછળ રહી જઈશ?

**પ્રશ્ન :** જગતનો નિયમ છે. જે જ્યાં જ્યાં છે ત્યાં ત્યાં તે ફેરફાર પામે જ છે. તમારે આગળ જવું છે ને?

હા. તો પછી જરૂર જવાના. એ માટે પ્રાર્થના કરો. વહેલા ઉઠો, જપ કરો.

પ્રશ્નોત્તરી પૂર્ણ થતાં મુલાકાત પૂરી થઈ. આજે પ્રવચનનો છેલ્લો દિવસ હતો. શ્રી ઈશ્વરલાલ કડીવાળાએ સુંદર અંજલિ આપી.

પ્રવચન બાદ ઉતારા ઉપર આવી જવાનું બન્યું.

તા. ૨૦મી એ આરામનો દિવસ હતો એટલે કે પ્રવચન બંધ હતું. પણ સવાર સાંજ મુલાકાત આપી. સાંજની મુલાકાતમાં પૂ.શ્રીએ સૌને ૨૦ મિનિટ ધ્યાનમાં બેસાડ્યા. અને પછી સૌને જીવનમાં પ્રભુસ્મરણ કરવાનો સંદેશો આપ્યો.

**(ક્રમશઃ)**

# પૂ.માના સાન્નિધ્યમાં બાળકોએ માણ્યું અનોખું વેકેશન

નારાયણ જાની

આ વર્ષે એટલે સને ૨૦૧૧ના વર્ષમાં મે મહિનાનું વેકેશન શ્રી યોગેશ્વર પરિવારના નાના મોટા વિદ્યાર્થીઓએ ને બાળકોએ ખૂબ અનોખી રીતે માણ્યું.

બાળકોની એક ફરિયાદ રહેતી કે પૂ.મા અમારે જ્યારે વેકેશન હોય છે, ત્યારે આપ વિદેશમાં હોવ છો. એટલે અમને આપના સાન્નિધ્યમાં ઉનાળુ વેકેશન માણવા મળતું નથી.

પોતાના સાધનાત્મક ઉપવાસોને પરિણામે ભારતમાં ગરમી શરૂ થતાં પૂ.મા માર્ચ, એપ્રિલમાં પરદેશ જતાં રહેતાં. આ વર્ષે અઠ્ઠાવીસ વર્ષ પછી પૂ.મા ભારતમાં મે માસના વેકેશનમાં—ખાસ બાળકો માટે જ—ખૂબ ગરમી છતાં રોકાયાં અને બાળકો અને તેના વાલીઓને હંમેશા માટે યાદ રહી જાય એવો અદ્ભુત આનંદ કરાવી ગયાં.

વેકેશનના સવા માસના દિવસો દરમ્યાન દસ દસ દિવસના બે ગાળા બાળકો અને વિદ્યાર્થીઓ માટે રાખવામાં આવ્યાં. આ દિવસોમાં બાળકો ને વિદ્યાર્થીઓને પૂ.માએ જે મુક્તતા આપી આનંદ કરાવ્યો તે કલ્પનાતીત હતો. આ વાત સહુને જાણવી ગમશે, કારણ કે આપણામાંથી ભાગ્યે જ કોઈએ, આવી મુક્તતા ને આવો નિર્દોષ આનંદ માણ્યાં હશે.

વાચક, તમે તમારા જીવનમાં એવો કોઈ દિવસ યાદ કરો,



જ્યારે તમે સંપૂર્ણ તમારી ઈચ્છા પ્રમાણે જીવ્યા હો, કોઈ વડીલે રોકટોક ના કરી હોય, મન ભાવતું, ખાવા મળ્યું હોય, શરીર થાકી જાય ત્યાં સુધી મન મૂકી રમ્યા હોવ, ને સવારે ગમે ત્યારે મોડા ઊઠ્યા હોવા છતાં કોઈ કાંઈ ના બોલ્યું હોય અને આવું એક બે દિવસ નહીં, પરંતુ પૂરા દસ દિવસ સુધી એકધારો આનંદ, બસ આનંદ—તે જીવનમાં કદી ભૂલાય ખરો?

બાળકોના બીજા સત્રના આ વેકેશનમાં અમને પણ સહભાગી થવાનું મળ્યું—તેને અમારું નેવું વર્ષ પછી જાણે નવા આવેલા બાળપણની જેમ અમને તે માણવાનું સદ્ભાગ્ય મળ્યું બાળકો અને વિદ્યાર્થીઓ અંગે પૂ.માની ખાસ સૂચનાઓ હતી.

બાળકોને બીજા બાળકો સાથે રમતો રમવા દો. તે માટેનાં સાધનો આપવામાં આવ્યાં. દિવસે તો આખો દિવસ ભલે રમે, રાતે પણ થાકે ત્યાં સુધી ભલે રમે. પછી સૂઈ જાય ને ગમે ત્યારે ભલે જાગે નાહીને કુટિયામાં માત્ર ૧૧ પ્રણામ ને બે બાવની કરી આપવાની. દિવસમાં વડીલ સાધકો માટે પણ ૧૧ વાગ્યાની બેઠકમાં પૂ.મા પધારે ત્યારે બાળકોને દર્શન કરી, રમવા જવાની ઈચ્છા હોય તો છૂટ.

પૂ.મા કહે આજના યુગમાં શહેરમાં વસતાં ને ભણતાં બાળકોને રમવા માટે મેદાનો જ ક્યાં છે? મેદાન છે તો જોડીદારો નથી. બધું છે તો ભણવાનો બોજો કેટલો બધો?

લેશન ને ટ્યુશનોમાંથી બાળકને સમય જ ક્યાં મળે કે તે રમી શકે!

બાળકો ખેલી કૂદી થાકે—પછી રોજ રાત્રે આઈસ્કીમ, વેફર વગેરેનો પ્રસાદ તો ખરો ને તે પણ ખાવો હોય તેટલો.

બપોરના ભોજનમાં પણ નવીનતા. પૂ.મા કહે દાળભાત

શાક ને રોટલી ભાખરી તો રોજ ખાય છે પણ અહીં રોજ નવું. કેરીનો રસ, બટેકાવડાં—જલેબી, દહીંવડા—લાડું, પૂરી, આમ ભાતભાતનું

બપોરનું ભોજન અને રાતનો આઈસ્ક્રીમ વગેરે વડીલ સાધકો તરફથી જ મળી રહેતાં અને તે પણ ભરપેટ. દાતાનાં બાળકો જ આ બધું પીરસતાં ને આનંદ માણતાં.

તમને જાણી નવાઈ લાગશે કે બાળકો ક્યાં સુધી રમે! થાકે જ ને! નાનાં બાળકો તો રાત્રે બાર સુધી જાગે—પછી આઈસ્ક્રીમ—વેફર ખાઈ સૂઈ જાય. પરંતુ મોટા વિદ્યાર્થીઓ ફુટબોલ, ખોખો, ને પકડદાવ જેવી રમતો સવારે ચાર સુધી રમતા. ગીતોની હરિફાઈ કરતા તો અંતકડી રમતા. રમતોમાં જીતતા બાળકો મોટેથી વિજયઘોષ પોકારતા. એનો શોર આખા સ્વર્ગારોહણમાં સંભળાતો. તો વયસ્ક દીકરીઓ પણ બેનપણીઓના જૂથમાં ગોઠવાઈ ગરબા કરતી. કદીક પકડદાવ રમતી કે હીંચકે ઝૂલતી નિર્ભીક મુક્તતા!

વાલીઓ અને વડીલોને તો પૂ.માની બપોરે ૧૧ની બેઠકનો સત્સંગ માણવાનો, પૂ.મા તેમાં ઉપસ્થિતે રહી બાળકોને બોલવા ઊભાં કરતાં, કેટલાંક બાળકો બોલતાં તો કેટલાંક સંકોચ અનુભવતાં.

પૂ.માનું તો એકજ લક્ષ્ય, બાળક પોતાની વાત પોતાની રીતે રજુ કરતાં શીખે, એનો સ્ટેજ ફીયર નીકળી જાય. ગમે તેવા સમૂદાય સામે પણ બોલવાની શક્તિ એનામાં આવે જે એને ભવિષ્યનો સારો નાગરિક બનાવે.

બપોરે તડકો હોય ત્યારે હોલમાં વિનોદિનીબહેન, શ્રી દર્શના અને પ્રિયંકાબહેન સાથે મળી ચિત્ર સ્પર્ધા ને યાદદાસ્ત  કસોટી



ઉપરાંત  રોજિંદા જીવનમાં વપરાતા અંગ્રેજી ભાષાના શબ્દો વાક્યો શીખવતાં. મોટી ઉંમરની બહેનો પણ આમાં ભાગ લેતી. પૂ.મા લખતાં કે ભાષા બોલવાથી જ આવડે એટલે મા—બાપ પણ ઘરમાં પણ થોડું અંગ્રેજી બોલશે, તો બાળકને તે સહજ રીતે આવડશે તેમજ આજની હરિફાઈના યુગમાં તે ટકી શકશે.

અગિયારની બેઠકમાં પૂ.શ્રીનું વિડિયો પ્રવચન અથવા પૂ.માની સાધનાત્મક દિનચર્યાની વિડિયો બતાવવામાં આવતી. પૂ.માનું શરીર યોગનાં આસનો કરવાની કેવી ક્ષમતા ધરાવે છે, ને તે માટે શરીરને કેવું કેળવ્યું છે. તે જોવા મળ્યું. કેવું સરસ શીર્ષાસન—પંદર મિનિટ કરે ને ધ્યાનમાં કેવા ડૂબી જાય તેનું પ્રત્યક્ષ દર્શન કરતાં સાધકોને આનંદ થતો. વળી તેઓએ હરિદ્વારની યાત્રામાં ઋષીકેશ પાસેના ફૂલચટ્ટી આશ્રમ પાસે પ્રબળવેગે વહેતી ગંગાના પ્રવાહમાં પથ્થર પર બેસી પૂ.મા  મા ગંગાના પ્રવાહમાં પગઝબોળી કેવો આનંદ માણી રહ્યાં છે. તેનું પ્રત્યક્ષ દર્શન થયું. આ જોઈ બધાંને જાણે ગંગામૈયાના પ્રબળ વહેતા પ્રવાહમાં આ વિડિયોગ્રાફી દ્વારા આંખોથી સ્નાન કરી રહ્યાં હોઈએ એવો આનંદ અનુભવાયો.

એક તબક્કે તો પૂ.માને પણ થયું કે ચાલો આ બધાંને પણ ફુલચટ્ટીવાળી ગંગામાં સ્નાન કરાવીએ. પરંતુ રેલ્વે કે બસ દ્વારા—તાત્કાલિક તે શક્ય ન હતું. એટલે એ પ્રસ્તાવ માંડી વાળવો પડ્યો.

સ્વર્ગારોહણમાં આ વેકેશન માણવા આવેલ બાળકોમાં પાંચથી આઠ વર્ષ સુધીનાં જેટલાં બાળકો હતાં તે બધાંએ વેકેશન કેવા નવા નવા સર્જનથી માણ્યું તે અલગ લેખમાં શ્રીભરતકુમાર ત્રિવેદીએ વર્ણવ્યું છે.

સ્વર્ગારોહણમાં આ વેકેશનમાં જે વડીલો બાળકોને લઇને આવ્યાં હતાં, તેમને પણ સાચા અર્થમાં વેકેશન માણવા મળ્યું, ઘરે સંખવાની ને બીજી બધી જવાબદારીમાંથી સંપૂર્ણ મુક્તિ, અરે, બાળકોની પણ કોઇ ચિંતા નહીં. પૂ.માએ જાણે સંસારમાંથી નિવૃત્તિ અપાવી. ભગવત્ સ્મરણ ને સાધના કરવાની તક અને સુગમતાં આપી. સાચેજ, તન અને મન સુધરી જાય, એવું સાંસારિકભાર વગરનું જીવન સહુને સરસ રીતે માણવા મળ્યું વળી પૂ.માનું સાન્નિધ્ય તો ખરું જ.

બીજા વડીલો પણ પૂ.માના સાન્નિધ્યમાં ખૂબ આનંદ પામ્યા. જીવનમાં સાચું સુખ અને આનંદ માણવાં હોય તો કેમ જીવાય તે પૂ.માએ શીખાવ્યું.

પૂ.માએ છેલ્લે એ સંદેશો પણ આપ્યો. બાળકો, ખૂબ રમ્યા, આનંદ કર્યો હવે મન લગાડી ભણો. જીવનમાં કંઇ બનવાનું ધ્યેય રાખી, તે પ્રાપ્ત કરવાના સમજપૂર્વક પ્રયત્નો કરજો.

પૂ.માનું આકર્ષણ સહુને કેવું! તા ૬—જૂનના રોજ પૂ.મા સવારે ૪ વાગે સ્વર્ગારોહણથી નીકળ્યા તો—સ્વર્ગારોહણના નાનામોટા સૌ કોઇ પૂર્વ સૂચના વિના કોણ જાણે કઇ રીતે હાજર થઇ ગયાં તે ખબર ન પડી! પૂ.માની અલિપ્તતા પણ કેવી! પૂજ્ય મા પ્રભુને પ્રણામ કરી, નીચે નજર રાખી ગાડીમાં બેસી ગયાં! જાણે કશે કશો જ લગાવ નહીં. પૂ. પ્રભુનું સ્વરૂપ ને પોતાની માળાનું ધન જ એમને મન સર્વસ્વ હોય એમ—સ્વર્ગારોહણથી વિદાય લઇ લીધી! અને સહુને લાગ્યું જાણે શરીરમાંથી આત્મિક ચેતના જ વિદાય લઇ રહી ના હોય!



# નાનાં બાળકોનું અનોખું સર્જન

—ભરત ત્રિવેદી

આ વર્ષે વેકેશનમાં પૂ.માનું સાન્નિધ્ય માણવા આવેલ વિદ્યાર્થીઓ સાથે ૫ થી ૭ વર્ષ સુધીનાં નાંનાં પંદરેક જેટલાં બાળકો પણ હતાં.

સ્વર્ગારોહણમાં આ નાના બાળકો માટે પ્રવૃત્તિઓ કરવાની તક મળ્યા પછી તા. ૨જી જુને સાંજે ભીની માટીથી અનેક સ્વરૂપો નિર્માણ કરી આનંદ પામતા બાળકોની સાથે મુલાકાત લેવા જતાં તેમણે મને તેમનાંમાંનો જ એક બનાવી લીધો. નિખાલસતાનો અદ્‌ભુત અનુભવ થયો. પ્રથમ દિવસે જ નિર્માણના થોડાક વિચારો રજૂ કરતાં બાળકોએ માટી, પૂંઠા, પત્થર, ડાળખીઓ દ્વારા જે નિર્માણ કાર્યો શરૂ કર્યા તેમાં મારે તેમના આજ્ઞાકારી દાદા કે અંકલ બની સહાયક બનવાનો પાઠ ભજવવાનો હતો. મારે માટે તે જીવન ભરનો લ્હાવો બની રહ્યો.

પ્રથમ દિને નિષ્ઠાએ ગૂફા, નિર્લેપે સૂરત—વડોદરાના રસ્તાઓ, રથીએ મકાન, વાહનો ઝૂંપડા અને પેટ્રોલ પંપના આકારો બનાવ્યા. સંહિતાએ ભીની માટી પર ફૂલ સજાવી કેક બનાવી. તત્વા તો હજુ ગંભીરતાથી શું બનાવું તેનો વિચાર જ કરતી હતી. માનું પ્રોત્સાહન અને આશીર્વાદ છે તેમ અનુભવીને બાળકો તેમની માતા વડીલોના કપડાં ને હાથપગ બગડશે એવા ઠપકાની અવગણના કરીને પ્રોજક્ટો બનાનતાં રહ્યાં. આ પ્રોજેક્ટોમાં સ્વર્ગારોહણના જૂના આરસ પત્થરો,

પ્લાયવુડના કટકા, પત્થરો અને માટી પલાળી આપવા પાણી વગેરે મેળવી આપવા ભરતદાદાને કામે લગાડ્યા. એક નહીં પણ ૧૫ થી ૨૦ જેટલાં બાળકો આર્કિટેકટ તારકભાઈની જેમ સ્વર્ગારોહણ બનાવવા કાર્યરત હતાં. તડકો, છાયડો, અંધારું વેઠીને પણ બાળકોનો સર્જન યજ્ઞ વિકસતો રહ્યો.

તા ૩ અને ૪ થી જુને ઘણા બાળકોએ સાથે મળી નક્કી કર્યું આપણે સ્વર્ગારોહણ અને બીજું જે ગમે તે બનાવીએ. પછી તો દરેક બાળક પોતાની કલ્પના પ્રમાણે ભીની માટીની રચના કરવા લાગી ગયું આ સર્જકો અને એમનાં સર્જનનાં નામ તો જુઓ. ઉત્સવ સ્વર્ગારોહણનું પક્ષીતીર્થ અને પક્ષીઓનું અન્નક્ષેત્ર; વંસીએ પૂ.માની બેઠક, સ્ટેજ, દશરથાચલ પર્વત બનાવી—પૂ.માની આરતી ઉતારી, પતંજલિએ મા—પ્રભુનો ડુંગર, નિર્લેપ શ્રી યોગેશ્વર ગુફા, રથીએ પ્રાણીઓ માટેનું સંગ્રહસ્થાન અને જંગલ, પ્રાર્થે નહેર અને ડેમ, તત્વાએ કુટિયા બનાવી, પૂ. માના બીલ્લાને પધરાવ્યો, તો શરણ, દ્રષ્ટા, નિષ્ઠા અને નિર્લેપ ભેગા મળી ઋષિકેશની ગંગાની ફુલચટ્ટી બનાવી, વૃષ્ટિએ યોગેશ્વર ડીસ્પેન્સરી, નિષ્ઠા અને સંગીતાએ સેવકની ઓરડી, નિર્ભયે શિવલીંગ, ઋચિતાએ ૐ મા વિદ્યાલય, સંહિતાએ ફ્લાવર પોટ, વ્રજે નિષ્ઠા સાથે મળી શણગાર.

શ્રી ભરતદાદા અને પ્રિયંકાદીદી બધાં બાળકોના નિર્માણ સહાયક અને સાથી. તો શ્રી પ્રભુદાસભાઈ આ બધા પ્રોજેક્ટોની નોંધ કરનાર તેમજ બાળકોને આઈસ્ક્રીમ અને કોન આપતા રહેતા.

આ બધા સર્જન કાર્ય દરમ્યાન બાળકો પ્રત્યેક ક્ષણે પૂ. માને યાદ કરી મા જોવા આવે તેવી ઇચ્છા વ્યક્ત કરતાં હતા.



બાળકોનું મન પૂ. મા ન જાણે એવું બને ખરું? પૂ. માએ પ્રથમ હેમલભાઈને નિર્માણ કરતા બાળકો અને નિર્માણની વિડિયો ઉતારવા મોકલ્યા, હેમલભાઈએ તેમની આવડત પ્રમાણે બાળસખા બની સરસ રીતે વિડીયો મુવી ઉતારી.

બાળકોની આનંદમય ચિચિયારીઓ વચ્ચે પૂ. મા બાળકોએ નિર્માણ કરેલ સ્વર્ગારોહણ, ફુલચટ્ટી, દશરથાચલ જોવા પધાર્યા, પૂ. મા નાદુરસ્ત તબિયત છતાં બાળકોને ઘણો સમય આપ્યો. પ્રત્યેક બાળકના નિર્માણ કાર્ય વિષે પૂછપરછ કરી પ્રોત્સાહિત કર્યા અને દરેકને પુરસ્કારના રૂા. ૨૫ અને ચોકલેટ બિસ્કીટ આપ્યાં. બાળકો માટે આ ક્ષણો જીવનભરનું સંભારણું બની ગઈ. વળી પૂ. માએ બાળકો સાથે ફોટા પડાવ્યા, વિડીયો ઉતરાવી. બાળકો માટે આ બધું જીવનભરની મોંઘેરી યાદ બની રહેશે.

તા. ૫મીએ બાળકો માટે ચિત્રકળા હરિફાઈ અને સ્મરણશક્તિ હરિફાઇ યોજાઇ. સ્મરણશક્તિમાં ૩૮ જેટલી વસ્તુઓ જોઇ તેમાંથી યાદ રહેલ વસ્તુઓની યાદી કરવાની હતી. બાળકોએ ૨૭ સુધી વસ્તુઓ યાદ રાખી ચિત્રકળા હરિફાઈમાં કલ્પના ચિત્રો અને વિચારપ્રેરક ચિત્રો દોર્યા. બાળકોએ બાળ સંમેલન શોભાવ્યું. આનંદ વિભોર બાળકો આવતા વર્ષની રાહ જોશે કારણ તેમણે આર્યનિવાસ, ગંગાતટ, આર્યનિવાસમાં ઉભેલા પૂ. મા. એવા અનેક નિર્માણ વિચારી રાખ્યા છે. અને જમવાનો સમય થતા બાળમિત્રોએ ભરતદાદાને બાળકો જમીને પાછા આવે ત્યાં સુધી પ્રોજેક્ટનું ધ્યાન રાખવા નીમ્યા, કેટલી મોટી જવાબદારી?

# Question & Answer Session

Pujya Maa

Following are excerpts the question and Session held during Youth Sadhana Shibir at Blue Springs Camp, Acton Toronto CANADA on Saturday, September 1, 2001 between 6:30 PM and 7:40 PM. Participats sent their question in English and Maa wrote  the them in Gujrati, which was translated and conveyed to everyone by Daxeshbhai.

Question 1 : Is it wrong to cut your hair &/or nails after 6PM? If so, why?

Maa : You can cut your hair and nails at any time of the day. Don't be misled by such beliefs.

Question 2 : What is the significance of 108?

Maa : Everybody gives a different explanation or meaning. Our ancient scriptures have fixed the 108 figure and accordingly everybody has a rosary with 108 beads. Just like nobody has an explanation for the way the cross or the Aum is written, the same applies with the number 108. We can say it's a tradition that has been followed from our ancient times. The



Sciptures have fixed the number 108, similar to the cross, the Aum and the Swastika.

The question answer period took place in the late afternoon. The Sun was setting and was in such a position that it was shining directly on Maa's face. Bharvi and Manisha came and stood on the side trying to provide some shade to  Maa. Maa saw them and without hesitation sat on the ground. Maa explained "Let Suryanarayan attend your satsang! Once everyone sits down, she resumes Her place on the chair."

Question 3 : Is it wrong to wash your hair on Satureday? If so, why?

Maa : you can wash your hair daily or 4 times a day. There is no relation between washing your hair and the day of the week, when stand.

Daxeshbhai : Washing your hair is related to cleanliness. Hygeine and cleanliness is something that we worship. Mahatmaji was also a great believer in hygeine. If we are doing something good, then the day of the week has no significance. To do any good work we should not look for such excuses.

Surahbhai : Pertaining to that question, is there any times of year where there are certain things that we shouldn't be doing?

Maa : You should not do any bad work during any time of the year! You should not lie, cause harm to anyone...ect"

Question 4 : Are You constantly communicating with Bhagwan? What kind of things does Bhagwan communicate back to you?

Nimishaben : How does Maa communicate with God?

Daxeshbhai : In order to ask the question, you should first have the clarity of mind whether Maa is different from God. If Maa is different from God then only Maa needs to communicate.

Maa : See the answer of question #5

Question 5 : What do you take into consideration before you respond or give advice to any person?

Maa : We do not have to ponder upon the response before answering. Whatever prabhu writes through us , we write it.

Quesion 6 : can you be compared to lord krishna in the sense that the divine soul was manifested at birth ? If not, with whom can we compare you with ?



Maa : Maa is Maa. There is no comparison.

Quesion 7 : What gradual steps have you taken to become what you are today ? Can one attain this particular level ? How can one pursue this level ?

In order to reach this stage or to have taken the divine vision of God, you have to try very hard. Starting from 1971, Maa has followed many niyams. Maa has done innumerable jaaps and prayers. Maa has totally dedicated Herself to Her Sadhana. And even now the Sadhana contiues.

Any one who strives so hard like Maa, through very difficult can achieve it in some deree.

Quesion 8 : Why do you do pranams? What keeps you motivated?

Maa : Pranam is also a type of worship (offering to God). Just like we welcome our guests, we have to welcome the Divine. We have to manifest God into our lives everyday. Pranam is a path which Maa can not remain without doing pranams. Prabhu has showered us with His grace; therefore Maa offers pranam to show

Maa's gratitude.

Surajbhai : Just a follow up to that; the first part of the response was that when we are doing pranams, we are inviting God into our home, but isn't God always there? And if so, doesn't pranams have more to do with respect rather than inviting God?"

Maa : God is omnipresent but is not seen by everyone, at every time in every form. If you are able to visualize God then pranam would be natural. You will see the manifestation of God everywhere you have the vision of God.

In order to see minute insects one needs a microscope, in the same manner in order to have the vision of God you need Divine Eye(divya chakshu).

Surajbhai : We all realize intellectually that God is everywhere, but we do not see him, so pranam is a way to see God.

Maa : There is a difference between reading something and making it a reality. For example there are many cooking out there. Many describe how to make pizza, but only reading the cooking book doesn't necessarily mean



that we are able to make the pizza. First we have to experiment and keep trying before we can claim that we are able to make pizza. One cannot achieve anything just by reading; One has to put it into practice. One has to be dedicated and focused in order to achieve something.

માણસે રોજ પોતાની જાતને પૂછવું જોઈએ, મારો કમાયેલો પ્રત્યેક રૂપિયો સુખમાં રૂપાંતર પામે છે ખરો?

—મા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

# મા—અમૂલ્ય મિરાત

—નીલમ પરીખ

મા એટલે ઓમ્
મા એટલે ભગવતીશક્તિ
મા એટલે મહેશ્વરી
મા એટલે મહાકાલી
મા એટલે મહાસરસ્વતી
મા એટલે મહાલક્ષ્મી
મા એટલ પાર્વતી
મા એટલે સીતા
મા એટલે રાધા
મા એટલે પરમાત્મા.
ભગવાનનું બીજું નામ 'મા' છે.
મા એટલે મૂંગા આશીર્વાદનો વરસાદ.
મા એટલે વહાલ તણો દરિયો.
મા એટલે વહાલ ભરેલો વીરડો.
મા એટલે મંદિર કેરો દીવડો...

મા પ્રવાહી સ્વરૂપ હોય છે. પ્રવાહી બની જેણે જગતને કંઈક આપ્યું છે. એ બધાંને આપણે 'મા' કહી છે. ધરતીએ આપણને અન્ન આપ્યું, પાણી આપ્યું એટલે એને ધરતીમાતા કહી. દેશે આપણને સંસ્કાર અને સંસ્કૃતિ આપ્યાં તેથી તેને



ભારતમાતા કહી. ગાયત્રીએ આપણને પ્રકાશ આપ્યો અને આધ્યાત્મિક વિદ્યા આપી એટલે ગાયત્રી મા કહી. ગીતાએ આપણને સ્વધર્મ સમજાવ્યો એટલે ગીતામાતા કહી. ગંગાએ આપણને પવિત્રતા આપી એટલે ગંગાને પણ મા કહી.

અરે, ગાયને ય માતા કહી છે. ગાયના આંચળમાં દૂધ ભરાય છે એ સત્યનો પરચો છે. તારા એ દૂધને ધન્ય છે. એ દૂધ પીનારાને ધન્ય છે, જે ઘાસ ખાઈ તું દૂધ દે છે એ ઘાસને ય ધન્ય છે અને એ ઘાસ ઉગાડનારી ધરતીને યે ધન્ય છે!"

મા ને ક્ષમા બન્ને એક છે. માફી આપવામાં બન્ને એક છે.

રવીન્દ્રનાથ ટાગોરનું એક કાવ્ય છે. જેમાં ખેડૂત બારે મહિના રાત—દહાડો પસીનો પાડીને ખૂબ મહેનત કરી, પેટ ગુજારો કરે છે. એકવાર મહેનતથી થાક્યા પછી ઝાડ નીચે બેસી કહે છે : "મા ધરતી, તું દાણો તો આપે છે પણ વૈતરું બહુ કરાવે છે. આવી કંજૂસ કેમ? તું તો ઉદાર કહેવાય છે. તો વૈતરું કરાવ્યા વગર તારા બાળકોને છૂટે હાથે દેવાય એટલું દઈ દે ને! તો તારી વાહ વાહ થઈ જશે અને અમે બાળકો માની મોટાનાં ગુણ ગાશું!"

મા હસતાં કહે, 'તારી વાત તો સાચી. પણ પછી તારું શું? ભીખ માગીને મફતમાં મળેલા ધનથી તારું માન—ગૌરવ નહીં વધે. પણ જે હશે તે ય સાફ થઈ જશે. એવાં માન—ગૌરવ વિનાના ભીખમંગા બાળકો કાંઈ માને ગમે? બેટા! હું તો મારાં બાળકોને પોતાના બાવડાને બળે દિગ્વિજયી થતાં જોવા ચાહું છું. બાળકોના માન—ગૌરવમાં જ માતાનાં પણ માન—ગૌરવ છે.'

ખેડૂતને પોતાની ભૂલ સમજાતાં 'જય હો' કહી ધરતી માતાના ચરણમાં પ્રણામ કર્યા.

માનું સ્થાન તેના પ્રેમ–સેવાથી અજોડ છે. માના ભગવદ્સ્વરૂપનું દર્શન કવિ શ્રી મકરંદ દવે કરાવે છે–

"હાડહાડમાં હેત ભર્યું જેને,
વેણ વેણ વરદાન;
દેખ ઘરેઘર એ જ બિરાજે,
ભૂતળમાં ભગવાને."

મા અગરબત્તીના જેવું જીવન જીવે છે. જાતે દુઃખ વેઠવું પણ અન્યને સુગંધિત કરવું. મા શબ્દ જ અત્યંત મધુર છે. બાળકની કાલી કાલી બોલીમાં એનો પ્રથમ ઉચ્ચાર થાય ત્યારે જાણે માધુર્યનો સાગર છલકાઇ જતો લાગે! અને એ પળથી જ બાળકનું શિક્ષણ શરૂ થઇ જાય છે. વિનોબાજી કહેતા : "માતૃહસ્તેન ભોજનમ્, માતૃમુખેન શિક્ષણમ્ !" ભોજન તો માના હાથનું જ અને શિક્ષણ તો માના મુખનું જ.

આપણા કવિએ ગાયું છે ને–

"ભગવાન કેરા સિંહાસન પાસે,
મારું નથી સ્વર્ગ;
મારું તો છે સ્વર્ગ, માતૃચરણની પાસે,
માતૃશરણની આશે!"

–નિલમ પરિખ



# પૂ.શ્રીના જન્મદિનની ઉજવણી

–તંત્રી

આ વર્ષે પ.પૂ.ગુરુદેવશ્રી યોગેશ્વરજીના જન્મદિન–૧૫મી ઓગસ્ટની ઉજવણી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી અંબાજી ખાતેના સ્વર્ગારોહણમાં કરવાનું નક્કી કર્યું છે. આ નિમિત્તે બે દિવસનો કાર્યક્રમ રહેશે–તા.૧૪ અને ૧૫ રવિ અને સોમ. શ્રી યોગેશ્વરજી તેમજ માશ્રી સર્વેશ્વરી પરિવારના સાધક ભાઈબહેનો તે નિમિત્તે પધારે તેવી વિનંતી છે.

## અમૂલ્ય ભેટ

સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી પ.પૂ.માશ્રી સર્વેશ્વરીની દોરવણી નીચે–ગુજરાતના દરેક જિલ્લામાં વિવિધ વિદ્યા શાખાઓમાં ધોરણ ૧૨માં પ્રથમ આવેલ વિદ્યાર્થીઓને યોગજ્યોત કાર્યક્રમ નીચે આમંત્રી પુરસ્કૃત કરવામાં આવતા.

આવા કાર્યક્રમમાં પુરસ્કૃત થયેલ મહેસાણા જિલ્લાના વિદ્યાર્થી શ્રી આસુતોષ ત્રિવેદીએ–પોતાનો અભ્યાસ સારી રીતે પૂરો કરી–નોકરી સંપાદિત કરી છે. તે અધ્યાત્મ માસિકનો નિયમિત વાચક પણ છે.

તેણે પોતાના પગારમાંથી રૂા.૫૦૦ની ભેટ અધ્યાત્મ માસિકને મોકલી છે. તે બદલ ભાઈ આષુતોષ ત્રિવેદીને ખાસ અભિનંદન અને આશીર્વાદ ઘટે છે.

પૈસા કરતાં પણ જીવનમાં જે કોઇ વ્યક્તિ સંસ્થા સહાયક કે ઉપયોગી ઠર્યા હોય તેના પ્રત્યેના ઋણભાવ યાદ રાખી યથાયોગ્ય મદદ કરવી એ ખૂબ મહત્ત્વનું છે. ભાઇ આસુતોષની ભાવના પ્રશંસનીય અને અનુકરણીય છે. જીવનમમાં તે ખૂબ ખૂબ આગળ વધે ને સફળતા મેળવે તે જ મંગલ કામના.

# અમને નાખો જિંદગીની આગમાં!

ડૉ.આઇ.કે વીજળીવાળા

પ્રચંડ અવાજે અમારા હેડમાસ્તર શ્રી ભોથાભાઇ ગુરુજી અમને સૌને પ્રાર્થનાસભામાં કહી રહ્યા હતા. 'યાદ રાખજો, જિંદગી આસાન નથી હોતી. એને આસાન બનાવતા આવડવું જોઈએ! સંજોગો હંમેશાં અનુકૂળ ન પણ હોય, એને અનુકૂળ બનાવવા પડે. એ માટે ઝૂઝવું પડે તો ઝૂઝવાની તૈયારી પણ રાખજો, પરંતુ ક્યારેય નાસીપાસ ન થતા. પેલી કવિતાની પંક્તિઓ હંમેશાં યાદ રાખજો કેઃ

અમને નાખો જિંદગીની આગમાં,<br>
આગને પણ ફેરવીશું બાગમાં,<br>
સર કરીશું આખરે સૌ મોરચા,<br>
મોતને પણ આવવા દો લાગમાં!

દરેક વિદ્યાર્થીને મારી વિનંતી છે કે આ વાક્યો પોતાના મનમાં કોતરી રાખે...'

એમની અસ્ખલિત વાણી અમારા મનમાં ઊંડેઊંડે હિંમતના છોડવાઓનાં અદૃશ્ય બીજ રોપી રહી હતી. અમે સૌ જિંદગીના સામટા ઝંઝાવાતો સામે ઝૂકી ન જઈએ એ માટે ભોથાભાઇ ગુરુજી જાણે કે અત્યારથી જ અમારી હિંમતના પાયામાં પ્રેરણાના શબ્દોનું પોલાદ ભરીને એક નક્કર માળખું ઊભું કરી રહ્યા હતા.

અને સાચ્ચે જ! એવું જ બન્યું બધું. મારા કિસ્સામાં તો એમ જ થયું. જિંદગીએ અવનવા ખેલ તો પહેલાથી જ દેખાડ્યા



હતાં, પરંતુ મારા બારમા ધોરણથી તો એણે મુસીબતોનો પટારો જ જાણે કે ખોલી નાખ્યો હતો. એમ.બી.બી.એસ.નાં વરસોમાં એણે મને કરી શકાય એટલો હેરાન કરવાની ભરપૂર કોશિશ કરી હતી, પરંતુ ગળથૂથીમાં જ મુસીબતો પીને મોટા થયેલા અમને એ બધું હેરાન જરૂર કરતું, હલબલાવી નાખતું, પરંતુ અમને મૂળમાંથી ઉખાડીને ફેંકી દેવાનું એમનાથી શક્ય નહોતું બન્યું.

૧૯૮૩ના ફેબ્રુઆરીની પહેલી તારીખથી મારી ઇન્ટર્નશિપ શરૂ થઈ. પ્રથમ ટર્મના ત્રણ મહિના મેં મારા જ ગામમાં આવેલી અમરગઢ ટી.બી. હોસ્પીટલમાં ટ્રેનિંગ લેવાનું નક્કી કર્યું હતું. જે ગામની ધૂળમાં રગદોળાઈને હું મોટો થયો હતો એ જ ગામમાં ડૉક્ટર થઈને આવવાનો એક અનેરો આનંદ મારા મનમાં થતો હતો. ઘરનું, બહારનું વાતાવરણ એ જ હતું. દિવસો સરસ રીતે પસાર થતા હતા.

માર્ચ મહિનાની આખર તારીખો ચાલતી હતી. એક સાંજે અમે સૌ વાળું કરીને બેઠા હતાં. અલકમલકની વાતો ચાલતી રહી ત્યાં જ મારાં બા બોલ્યાં, 'ભાઇ, ઓતરાદી (ઉત્તર તરફની) ભીંત હવે બહારની તરફ નમતી જાય છે. ઉપરનાં પતરાં પણ સડી ગયાં છે. લાગે છે કે આ વખતે ઈ વરસાદની ઝીંક નહીં ઝીલે. આવતું ચોમાસું હવે આ ઘરમાં નહી નીકળે!'

અમારી વાતોમાં સોપો પડી ગયો. હું જમીન પર આવી ગયો. ડૉક્ટર બની જવાના આનંદમાં એ તો ભુલાઈ જ ગયું હતું કે હજુ તો ઘણી લાંબી મજલ કાપવાની બાકી છે. ઘર તો હજુ એ જ ઝૂંપડી છે. ફક્ત લાઇટ આવી ગઇ હતી, એટલું જ! પરંતુ

એને ટેકો આપતી દીવાલો કાચી માટીની જ હતી. હજુ તો.

'તો શું કરશું, બા?' મેં સવાલ કર્યો.

'બીજું કાંઇ નહીં તો ઓતરાદી ભીંત તો પાડીને ફરીથી ચણવી જ પડશે. એમ કર્યા વિના છૂટકો જ નથી.' બાએ કહ્યું.

એ પછી ઘરમાં વરસોથી અમે સૌ જેને બરાબર ઓળખતા હતા એ શાંતિ છવાઇ ગઇ. દરેક જણ જાણતું હતું કે ઓતરાદી ભીંત ફરીથી ચણવી જ પડશે અને દરેક જણ એ પણ સમજતું હતું કે એ કઇ રીતે ચણવી? પૈસા તો હતા નહીં. મારું સ્ટાઇપેન્ડ મહિને ફક્ત ૫૨૫/–રૂપિયા હતું. એમાંથી વધી વધીને દોઢ હજાર ઇંટ આવી શકે. એનાથી વિશેષ કંઇ નહીં. પછી ચૂનો, સિમેન્ટ તેમ જ રેતી વગેરેના પૈસા ક્યાંથી કાઢવા? એ પ્રશ્ને બધાને ચૂપ કરી દીધા હતા. એ શાંતિ ખાસ્સો વખત એમ જ જળવાઇ રહી.

ઘણો વખત એમ જ વિચાર્યા પછી મારા મગજમાં ઝબકારો થયો. વડોદરામાં મારા એક ખૂબ નજીકના મિત્ર હતા. એમ કહી શકાય કે વડોદરામાં અમારા સુખદુઃખના સાથી હતા એ જે સમયે ઘરમાં એક સ્કૂટર હોવુ એ જાહોજલાલી ગણાતી હતી એ સમયે એમના ઘરે એક કાર. બબ્બે સ્કૂટર હતાં. મોટો વૈભવશાળી બંગલો, આધુનિક ફર્નિચર, નોકરચાકર બધું જ એમને ત્યાં હતું. એમના માટે મને ૨૦૦૦/–(બે હજાર) રૂપિયા આપવા એ ડાબા હાથનો ખેલ હતો. હું એમને મારા દિલથી એટલો નજીક ગણતો કે એમની પાસે પૈસા માગતો કાગળ લખવામાં જરાય સંકોચ નહોતો થયો. અમારા માટે હોટલમાં સો–દોઢસો રમતમાં ખરચી નાખતા એ મિત્રને મારી જરૂરિયાત



અંગે અંતર્દેશિય પત્ર લખ્યો.

અમારા ગામમાં એ વખતે એક કૉન્ટ્રાક્ટર ભાઇ વીસ હજાર રૂપિયામાં બે રૂમ, ઓસરી અને રસોડાવાળું પાકું મકાન બનાવી આપતા હતા, પરંતુ એમને બે હજાર રૂપિયા એડવાન્સ આપવા પડતા હતા. બાકીના પૈસા હપતે હપતે ચૂકવી આપો તો ચાલે. અમે એમની પાસે જ નાનકડું ઘર બનાવી લેવાનો વિચાર કરતા હતા એટલે મારા મિત્રને મેં કાગળ લખ્યો એ પછીના અઠવાડિયા બાદ અમે વળતા કાગળ કે મનીઑર્ડરની રાહ જોવા માંડ્યા. રોજ બપોરે ટપાલીભાઇને જોતાં જ મારા ધબકારા વધી જતા. મનીઑર્ડર મળ્યા પછી જ અમે ઘરનું કામ શરૂ કરી શકીએ એમ હતા, એટલે અમારા બધાની હાલત એકસરખી જ હતી. દસમા દિવસ પછી તો સવારથી જ બધા વડોદરાની ટપાલની રાહ જોવા માંડતા.

અગિયારમા દિવસે મેં લખેલો હતો એવો જ અંતર્દેશિય પત્ર આવી પહોંચ્યો. અમે હોંશેહોંશે એ પત્ર ખોલ્યો, પરંતુ મુશ્કેલીમાં પડેલા માણસનું ભાગ્ય હંમેશાં બે ડગલાં આગળ જ હોય એમ લાંબા અને પૂરેપૂરા લખેલા એ કાગળનો સાર હતોઃ હાલ પૈસાની વ્યવસ્થા થઇ શકે તેમ નથી!

દુકાળિયાને આખો અષાઢ કોરો જતો રહે અને જેવો શેરડો પડે, એવો જ શેરડો, અમારા કાળજે પડી ગયો. 'મોટા માણસોને મોટા ખરચા આવતા હશે.' એવું માનીને અમે તરત જ સ્વસ્થ થઇ ગયા. આમેય અમારી મિત્રતામાં શ્રીકૃષ્ણ ભગવાનને સુદામાને આપેલું એવું કોઇ વચન તો મારા મિત્રે મને આપ્યું નહતું! પછી એમને દોષ દેવાનું કોઇ કારણ જ

નહોતું. મેં મારા મનમાં લાગેલા આઘાતને પણ ખંખેરી નાખ્યો, પરંતુ એ સાથે જ ફરીથી પેલો યક્ષપ્રશ્ન અમારી સામે આવીને ઊભો રહી ગયો કે, 'હવે?'

યુધિષ્ઠિર સિવાયના પાંડવોની જે દશા યક્ષે કરેલી એના જેવી જ દશા અમારી પણ આ પ્રશ્ને કરી નાખી હતી. થોડા દિવસ અમને કોઈને હવે શું કરવું એ ન સૂઝ્યું. હું ડૉક્ટર બની ગયો હતો, પરંતુ હજુ ઈન્ટર્ની હતો. મને મળતાં રૂા.૫૨૫. રૂપિયાના ભથ્થાથી એક પૈસો પણ વધારે કમાઈ શકું એમ નહોતો. ઈન્ટર્નશિપ પૂરી કરીને નોકરીએ લાગુ એ પછી ઘણા પૈસા મળી શકવાની શક્યતાઓ હતી, પરંતુ ઘરની ભીંત ત્યાં સુધી રાહ જોઈ શકે તેમ નહોતી. બીજા ત્રણથી ચાર દિવસ એમ જ નીકળી ગયા.

એ પછીની એક રાત્રે અમે બધાં બઠાં હતાં ત્યારે અચાનક મેં કહ્યું, 'આપણે સૌ જાતે જ આપણું ઘર ચણીને ઊભું કરીએ તો કેવું? કોન્ટ્રાક્ટર વગર પણ એ કામ થઈ શકે જ! આપણા હાથે જ આપણે ચણીએ તો આ બધી માથાકૂટ તો નહીં. પૈસાની વ્યવસ્થા થઈ નહીં શકે એતો આપણે જાણીએ જ છીએ. બોલો, છો બધાં તૈયાર?'

બધાં થોડી વાર મારી સામે જોઈ રહ્યાં. પછી એકઅવાજે મારા સૂચનને સૌએ વધાવી લીધું. આમેય અમારામાંથી કોઈ રેશમી તળાઈઓમાં સૂવાવાળું તો હતું નહીં. બધાં જ ભોંય પથારીવાળા હતાં, એટલે તનતોડ મહેનત કરવાથી કોઈ ડરે કે પાછું પડે એવું તો હતું જ નહીં. એ રાત્રે જ અમે સાવ સાદા બે ઓરડા, ઓસરી અને રસોડાવાળા ગામઠી ઘરનો પ્લાન વિચારી



લીધો. એનો વિસ્તાર પણ નક્કી કરી નાખ્યો. જૂના ઘરનાં પતરાં ઉતારી લીધાં. જૂના ઘરના રસોડા તરફનો ભાગ નવા ઘરની બધી દિવાલો ચણાઈ જાય એ પછી જ હટાવવો એવું નક્કી કર્યું, જેથી કરીને એ ધોમધખતા તડકામાં રસોઈ બહાર બેસીને ન બનાવવી પડે. ઓતરાદી દીવાલને તો ટેકો હટાવતા વેંત એ જમીનદોસ્ત બની ગઈ. બીજા દિવસે સોમવાર હતો. સોમવારની સવારથી પાયા ખોદવા એવું નક્કી કરી અમે સૌ સૂઈ ગયા.

સવારે ઊઠીને હું મારી હોસ્પિટલ ડ્યુટી પર ગયો. બપોરે બાર વાગે દવાખાનેથી આવીને મેં જૂનાં કપડાં પહેરી લીધાં. ૪૫ ડિગ્રી તડકામાં સૂર્યનારાયણના પ્રકોપથી બચવા માટે માથે કપડું બાંધી લીધું. પછી ઉપરવાળાનું નામ લઈને ચૂનાથી ઘરના પાયા ચીતર્યા. લગભગ દોઢ વાગ્યાની આસપાસ મેં ત્રિકમ હાથમાં ઉપાડ્યું. હું અને અબુભાઈ નામના મારી બાના પિતરાઈ ભાઈ બંને ઝડપભેર ખોદવા માંડ્યા. પથરાળ જમીન હતી એટલે વધારે ઊંડું ખોદવાની જરૂર નહોતી અને આમેય ક્યાં અમારે બહુમાળી બિલ્ડિંગ ઊભી કરવી હતી કે ખૂબ ઊંડા પાયાની જરૂર પડે! સાંજ સુધીમાં પાયા તૈયાર થઈ ગયા. રાતના વાળુ પછી, જમીનદોસ્ત થઈ ગયેલી જૂની દીવાલોમાંથી ઈંટો કાઢી, સાફ કરી એને જુદી ગોઠવવાનું કામ શરૂ કરી દીધું. એ કામ લગભગ રાતના બે વાગ્યા સુધી ચાલ્યું. એ પછી શરીરનો દુખાવો ન થાય એ માટેની ટીકડીઓ ખાઈને અમે સૂઈ ગયાં.

બસ, પછી તો એ જ રૂટિન બની ગયું. સવારે હું સ્ટેથોસ્કોપ ગળામાં ભરાવીને ડૉક્ટર બની જાઉં અને બપોર પછી ગારો–

માટી ખૂંદતો મજૂર! ખાડા ખોદી માટી કાઢવી, એ માટીનું ગારિયું કરવું (માટી ચણવાના કામમાં આવી શકે એવી બનાવવી), ઈંટોને ધોવી અને પાણીથી સંતૃપ્ત કરવી વગેરે રોજનાં કામ બની ગયાં હતાં. થોડાઘણા પૈસાની ક્યાંકથી વ્યવસ્થા થાય તો અમે પાંચસો કે હજાર ઈંટ પણ ખરીદી લાવતા. શ્રીરાઘવભાઈ કરમશીભાઈ પટેલ કરીને એક ખેડુતભાઈએ ઈંટો લાવવા માટે એમના ગાડાની સેવા વિનામૂલ્યે આપી હતી. એ ભાઈ એટલા તો ઉદારદિલ હતા કે ઈંટો પણ ઊંચકાવવા લાગતા. ઘરે આવી ગયા પછી ઊતરાવવામાં પણ મદદ કરતા. અમને આવું કંઈક નવું કરતા જોવાવાળા દરેકને અમારા જોમની અસર થાય એવું જ હતું. રાઘવભાઈ એમાંથી બાકાત રહી શકે તેમ નહોતા. આ બધા વચ્ચે મારા હાથ પણ ચણતર કામમાં ધીમેધીમે નિષ્ણાતનું સ્વરૂપ પકડતા જતા હતા. સવારે ટી.બી ના દર્દીઓની છાતી ઠપકારીને તપાસ કરતા મારા હાથ, સાંજે ઈંટોને ઠપકારીને જોતા હતા.

આઠમા દિવસે એક બીજી તકલીફ સામે આવીને ઊભી રહી ગઈ. ઈંટો ખૂટી ગઈ હતી. નવી ઈંટો લેવાના પૈસા નહોતા. જૂની દીવલોમાંથી નીકળેલ ઈંટો અને થોડી ઘણી ખરીદેલી ઈંટો ખલાસ થઈ ગઈ હતી. એ સાંજથી અમે અવાવરુ જગ્યાઓએ પડેલ નધણિયાતી ઈંટો રખડીરખડીને એકઠી કરી. ગામના કુંભારના હૃદયે રામ વસી ગયા. ક્યારેય એકાદ રૂપિયાનું ઉધાર ન રાખતા ભાઈઓ પૂરી એક હજાર ઈંટ અમને પૈસા પછી ચૂકવી દેવાના વાયદા સાથે આપી અને અમારું અભિયાન આગળ ચાલ્યું!



અને એમ કેટલાય ચડાવઉતાર પાર કરતા, જાત મહેનત ઝિંદાબાદ કરતા કરતા દસમા દિવસે ઘરનું ખોખું તૈયાર થઈ ગયું. મારા પ્લાન મુજબ, મારા હાથે ચણાયેલું, મારા ઓળિંભાની દોરીએ તૈયાર થયેલું એ માટી—ગારા—ઈંટનું ચણતર હવે ભીંતોનું સ્વરૂપ લઈને ઊભું રહી ગયું હતું.

ઘરનું ખોખું તો તૈયાર થઈ ગયું, પરંતુ પેલો યક્ષપ્રશ્ન ફરીથી અમારી સામે આવીને ઊભો રહી ગયો કે 'હવે?' ઘરના તૈયાર ખોખાને છાપરાથી ઢાંકવું તો પડે, પરંતુ જૂના ઘરના વાંસડા, લાકડાં તેમ જ વળીઓ ઉપયોગમાં લીધા પછી પણ અડધા ઉપરાંતનું ઘર છાપરાં વગરનું રહી જતું હતું. નળિયાં પણ હજુ ખરીદવાનાં બાકી હતાં. આશરે દોઢથી બે હજાર રૂપિયાનો સામાન ખૂટતો હતો. અમે સૌ થોડાક હતાશ થઈ ગયા. ઘર બનાવવાનું શરૂ કર્યું એ પહેલા એક સાંધો અને તેર તૂટે એવો ઘાટ હતો. હવે લગભગ તેર સંધાઈ જવા આવ્યા હતા તો એક તૂટતું હતું.

એ સાંજે ફરીથી વાળુ પછી બધાં વિચાર કરતાં હતાં કે હવે શું કરવું. અચાનક મને વિચાર આવ્યો કે મારા એક મિત્રના પિતાજી જે પાલિતાણા ગામમાં વકીલ હતા એ મને મદદ કરી શકે. મેં વાત મૂકી, 'હું પાલિતાણા જઈ આવું તો? મારા મિત્રના પપ્પા ત્યાંના જાણીતા વકીલ છે અને ખૂબ જ સારા માણસ છે. એમની પાસે પૈસા માગી શકાય.'

'આપશે ખરા ?' બધાના મોઢામાંથી એકસાથે એક જ સવાલ નીકળી પડ્યો.

'મારું મન કહે છે ના નહીં પાડે. એ ખૂબ જ સારા માણસ

છે.' આશાની દોરીએ લટકવાની મને ફાવટ આવી ગઈ હતી.

બધાએ હા પાડી. જોકે એ સિવાય છૂટકો પણ નહોતો.

બીજા દિવસે હું પાલિતાણા ગયો. મારા મિત્રના પિતાશ્રી એ વખતે પાલિતાણાના ખ્યાતનામ વકીલ હતા. એમણે મારી વાત સાંભળીને તરત જ એક હજાર રૂપિયા રોકડા કાઢી આપ્યા. મારા પરનો એમનો વિશ્વાસ જોઇને હું છક થઇ ગયો. એમની દરિયાદિલી પણ મને સ્પર્શી ગઇ હતી. સગા ભાઈઓને પણ સ્ટેમ્પ પેપર પર લખ્યા વિના લોકો પૈસા નથી આપતા, તો આ તો મારા કોઇ જ સગા નહોતા થતા. એમની મદદથી હવે અમારું કામ નહીં અટકે, એવો વિશ્વાસ આવી ગયો. એમનો આભાર માની હું પાછો ફર્યો.

બીજા દિવસથી અમારું રગશિયું ગાડું પંથે પડ્યું. ઘરનાં છાપરાં માટે જરૂરી વાંસ, લાકડાં અને નળિયાં આવી ગયાં. ગામના મિસ્ત્રીની મદદથી છાપરું બની ગયું, પરંતુ હવે ઘરની ભોંયને ગાર–માટી વડે લીપવી કે લાદી નાખવી એ મુંઝવણ ઊભી હતી. અંગ્રેજીમાં એક કહેવત છે ને કે : મુશ્કેલીમાં જે મદદ કરે એ જ સાચો મિત્ર! (A friend in need, is a friend indeed!) આ વખતે મારા જ ગામનો મારો મિત્ર ઘનશ્યામ ભલાણી મારી વહારે આવ્યો. એના ઓળખીતાની ભાવનગર સ્થિત દુકાનમાંથી ખૂબ જ ઓછા ભાવે મોઝેઇક ટાઇલ્સ લેવડાવી આપી. વરસોથી ખરબચડી ગારમાં પડતા પગ હવે લાલ–લીલી મોઝેઇક ટાઇલ્સ પર પડવા લાગ્યા. એ પછી ગામડાની ખસિયત પ્રમાણે દીવાલો પર આછો ભૂરો રંગ પણ લગાવાઇ ગયો.

એ સાચે જ અમારું ઘર બની ગયું. અનિશ્ચિતતાના ઓથાર



નીચે શરૂ થયેલુ એ કાર્ય નક્કર સ્વરૂપને લઇને ઊભું રહી ગયું. મુશ્કેલીઓ એક પછી એક આવતી ગઇ. પરંતુ એના ઉપાયો પણ નીકળતા જ ગયા. કોઇક દરવાજો બંધ થતો લાગ્યો તો બીજો ખૂલતો ગયો. ઝીરો બેલેન્સ સાથે શરૂ કરેલું એક મોટું કામ પૂરું થયું ત્યારે પણ બેલેન્સ તો ઝીરો જ હતું!

એ પછીના દિવસે સાંજે ચારેક વાગે મારાં બા નવા ઘરના રસોડામાં માટીનો ચૂલો બનાવી રહ્યાં હતાં. અમે બધા નવી ચળકતી ટાઇલ્સ પર પાથર્યા વિના જ બેઠા બેઠા અમારા હાથમાં પડેલા ફરફોલા ગણી રહ્યા હતા.

'એક ભીંતમાંથી આખું ઘર થઇ જાશે એવું નહોતું ધાર્યું હોં! આટઆટલાં વિઘન(વિઘ્નો) આવ્યાં તોય પાડ માનીએ ઉપરવાળાનો કે એણે આપણને પાર ઉતાર્યા! અને ઘર બની ગયું.' ચૂલો કોરતાં મારાં બા પાડોશમાંથી આવેલ બહેન જોડે વાત કરતાં હતાં.

'અને તમે બધાય જબરા કહેવાવ, હાજુબહેન! ખરી હિંમત કરી તમે બધાએ, નહીંતર આમ ઘર ન બને!' અમારા ઘરે બેસવા આવેલ બાજુમાં રહેતાં પાડોશી બહેન બોલ્યાં.

એમની વાત સાંભળીને હું વિચારમાં પડી ગયો. એ જ સમયે મને પ્રચંડ અવાજે બોલતા અમારા હેડમાસ્તર શ્રી ભોથાભાઇ ગુરુજી યાદ આવી ગયા. જાણે અમને કહેતા ન હોય કે : 'દરેક વિદ્યાર્થી હંમેશા યાદ રાખજો કે :

અમને નાખો જિંદગીની આગમાં,
આગને પણ ફેરવીશું બાગમાં,
સર કરીશું આખરે સૌ મોરચા,
મોતને પણ આવવા દો લાગમાં!'

# કઠોપનિષદ્

(ગતાંકથી આગળ) **યોગેશ્વરજી**

## કઠોપનિષદનું માહાત્મ્ય

આ ઉપનિષદના પહેલા અધ્યાયની ત્રીજી વલ્લી પૂરી થાય છે ત્યારે એક નવી ને વિશેષ વસ્તુ જોવા મળે છે. ઉપનિષદમાં ક્યાંય માહાત્મ્યના શ્લોકો નથી મળતા. ગીતામાં માહાત્મનો નિર્દેશ શરૂઆતમાં આવે છે. ભાગવત, રામાયણ, ચંડીપાઠ ને વિષ્ણુસહસ્રનામ તથા શિવમહિમ્નઃસ્તોત્ર જેવા ગ્રંથોમાં પણ તેનું દર્શન થાય છે. પરંતુ ઉપનિષદના આટલા વિપુલ સાહિત્યમાં કઠ ઉપનિષદના પહેલા અધ્યાયને અંતે જ તે જોવા મળે છે. બહુ સંભવિત છે કે તે પાછળથી કોઈએ ઉમેર્યું હોય. શ્લોકો એમ કહે છે કે યમદેવે નચિકેતાને કહેલો આ ઉપદેશ—અથવા યમ ને નચિકેતાનું આ આખ્યાન—જે કહે કે સાંભળે છે તે મનુષ્ય બ્રહ્મ લોકમાં પૂજાય છે. જિજ્ઞાસુ જનોની સભામાં અથવા શ્રાદ્ધ વખતે જે મનુષ્ય આ આખ્યાન સંભળાવે છે તે અનંત ને પરમ પરમાત્માને જાણી લે છે, પરમ પરમાત્માને પામી લે છે.

જે માણસ આ ઉપદેશ સાંભળે કે કહે તેને ચાલુ જીવનમાં પરિવર્તન કરવાની ઈચ્છા સહજ રીતે જ થાય ને જીવનને જ્ઞાનયુક્ત ને પ્રભુમય કરવાથી તે પ્રભુને જરૂર જાણી લે. એ રીતે વિશાળ અર્થમાં આ વાતને સમજવાની છે. ફક્ત વાંચીને, સાંભળીને કે પોપટ—પારાયણ કરીને આટલા મોટા ફળ કે લાભની આશા રાખવી નકામી છે. જીવનનું આમૂલ પરિવર્તન બધામાં જરૂરી છે એટલું દરેકે યાદ રાખવું ઘટે.



## આત્માનુભવનું ફળ

કઠોપનિષદના બીજા અધ્યાયની પહેલી વલ્લીમાં આત્મા વિશે થોડું કહેવામાં આવ્યું છે ને તેની સાથેસાથે આત્મજ્ઞાન અથવા આત્માનુભવના ફળ વિશે પણ ઊડતો ઉલ્લેખ છે. શરૂઆતમાં જ કહેવામાં આવે છે કે મનુષ્યની ઈન્દ્રિયો બહિર્મુખ છે. મોટે ભાગે તે બહારના પદાર્થો કે વિષયોને અનુભવે છે, જુએ છે, ને બહારની બાજુ જ દોડ્યા કરે છે. એમને વશ કરવાનું ને પોતાની ઈચ્છા પ્રમાણે ચલાવવાનું કામ અત્યંત કઠિન છે. માણસો મોટે ભાગે મન ને ઈન્દ્રિયોથી પરવશ બનીને વિષયોમાં ફસાય છે. ભોગોના રસમાં ડૂબે છે, ને તેમાંથી ઊંચા નથી આવતાં. બહુ થોડા માણસો મન ને ઈન્દ્રિયો પર કાબૂ કરવાની ઈચ્છા રાખે છે ને તે માટે મહેનત કરે છે. પરંતુ તેમના સંકલ્પની નબળાઈ, તેમની દ્રઢતાની કમી કે વાતાવરણ ને રૂઢ ટેવો કે સંસ્કારોની ઉપરવટ થવાની તેમની અશક્તિને લીધે તે સારી રીતે સફળ થઈ શકતા નથી. કેટલાંક બાહ્ય પ્રલોભનો ને સ્વભાવગત દૂષણોનો તે હિંમતપૂર્વક કોઈપણ ભોગે સામનો કરી શકતા નથી. તેથી મન ને ઈન્દ્રિયોનો સંયમ કરીને આત્મોન્નતિનું નવું જીવન જીવવાનો તેમનો મનોરથ અધૂરો જ રહી જાય છે. એ માટે કેટલાક લોકો વાતાવરણને દોષ દે છે. ને કહે છે કે શું કરીએ, વાતાવરણ જ એવું વિપરીત છે કે અમારાથી આગળ વધાતું નથી. અમારું કાંઈ ચાલતું નથી. તો કેટલાક લોકો યોગ્ય માર્ગદર્શનના અભાવને ને સમાજ તથા શિક્ષણને દોષ દે છે.

તેમની વાત તદ્દન તિરસ્કારી કાઢવા જેવી કે ઉપેક્ષાની નજરે જોવા જેવી નથી. તે બધાં કારણો વિચાર કરવા જેવાં જરૂર છે ને રહેશે. પરંતુ માનવના અંતરંગ વિકાસને માટે મુખ્ય જરૂર તેના

પોતાના દૃઢ નિશ્ચય ને પ્રયાસની છે. બહારનાં કારણો ગમે તેટલા જોરદાર ને પ્રતિકૂળ હોય તોપણ માણસનો પોતાનો વિકાસ કરવાનો વિચાર મક્કમ હોય ને તે માટે ગમે તે પ્રતિકૂળ પરિસ્થિતિમાંથીય માર્ગ કરવાની તેની અડગ ઇચ્છા ને પ્રયાસ ચાલુ હોય તો તેને ઘણી મોટી મદદ મળે છે.

સંસારમાં એવા કેટલાય સાધનહીન ગરીબ વિદ્યાર્થીઓના દાખલા છે જેમને ભણવાની કોઈ ખાસ અનુકૂળતા ન હતી. છતાં તેઓ ખરા અર્થમાં વિદ્યાર્થી હતા. એટલે તેમણે ગમેતેમ કરીને પણ સાધન શોધી કાઢ્યાં, ને કોઈ પણ રીતે ફી, પુસ્તક તથા વાંચવાનાં સ્થાન મેળવીને છેવટે રસ્તા પરના ફાનસના પ્રકાશનો ઉપયોગ કરીને પણ પોતાના અભ્યાસ પૂરા કર્યા. આજે પણ એવા કેટલાય વિદ્યાર્થી છે જે નોકરી ને મહેનત કરીને આગળ અભ્યાસ કરે છે.

આત્મિક વિકાસના અભ્યાસનું પણ એમ જ સમજી લેવું. મુખ્ય વાત આગળ વધવાની લગન કે તરસની છે. તે હશે તો પાણી તો આપોઆપ મળી રહેશે. વાતાવરણ પણ ક્રમેક્રમે અનુકૂળ થતું જશે ને માર્ગ તથા માર્ગદર્શન પણ મળી રહેશે. વાતાવરણ ગમે તેવું પ્રતિકૂળ હશે તોપણ તેમાંથીય ક્રમેક્રમે કડી કરીને માણસ આગળ વધશે. પ્રભુની શ્રદ્ધા તેમાં તેને મદદ કરેશે. પરમાત્માની અસીમ શક્તિ સદાય તેને મદદ કરશે. પરમાત્માની અસીમ શક્તિ સદાય તેને સહાય કરી રહી છે. ને મુશ્કેલી તથા મૂંઝવણમાંથી માર્ગ કરીને તે તેને પાર ઉતારશે ને પરમપદે પહોંચાડશે, શ્રદ્ધાની એવી જ્વલંત જ્યોતિ તેના અંતરને અહોનિશ અજવાળ્યા કરશે.

શ્રદ્ધાની એવી જ્વલંત જ્યોતિના પરમ પ્રકાશની મદદથી આગેકૂચ કરનારા સાધકો વિરલા જ હોય છે. દુનિયામાં તેમનાં



દર્શન દુર્લભ જેવાં છે. મોતી જેમ જ્યાં ત્યાં નથી ને ચંદન દરેક જાતના વનમાં નથી દેખાતાં તેમ તેવા પ્રભુપ્રેમી અડગ શ્રદ્ધાવાળા સાધકો સદ્ભાગ્યે જ કોઈ દેશ કે સ્થળમાં દેખા દે છે. તેમનું દર્શન ને તેમનો સમાગમ સદાય આનંદદાયક, શાંતિ ને પ્રેરણાદાયક ને કલ્યાણમય હોય છે. આત્મિક સંસ્કૃતિ તેમને જ આધારે ટકી રહે છે. આત્મિક જગતના તે જ્યોતિર્ધરો કોઈનાય જીવનને અજવાળી શકે છે. મન ને ઇન્દ્રિયોનો સંયમ કરીને, સમ્યક્ સાધના દ્વારા તેમણે પરમાત્માની અનુભૂતિ કરી હોય છે, તેમનું જીવન ઉજ્જવળ ને ધન્ય બન્યું હોય છે. શોક, મોહ ને બંધનથી તે મુક્તિ મેળવે છે ને પરમાનંદના ભાગી બને છે. શાંતિ તેમની સદાની સહચારી બને છે. પ્રસન્નતાની પુણ્યસરિતામાં સ્નાન કરતાં ને કૈંક અંધારાં અંતરને અજવાળું ધરતાં તેમનું જીવન પૂરું થાય છે.

એવા કૃતકામ પરમાત્મદર્શી મહાપુરુષે પ્રસન્નતાના પારાવારમાં પ્રક્ષાલન કરતાં સહજભાવે ગાયું છે કે—

અબ હમ આનંદ કે ઘર પાયા.
કિયા કરાયા કુછ ભી નહીં,
સહેજે પિયાજીકો પાયા.
અબ હમ આનંદ કે ઘર પાયા.

શંકરાચાર્યનું ‘ચિદાનંદરૂપઃ શિવોડહમ્ શિવોડહમ્’ સ્તોત્ર પણ એવા જ આત્માનુભવની પરમ અવસ્થાને આસીન થયેલા સાધક કે શ્રેયાર્થીનું ધન્યતા સ્તોત્ર જ છે.

આનંદના એ સનાતન ઘરની શોધ સૌ કોઈ કરે છે ને તેનો પ્રવાસ સૌએ શરૂ કર્યો છે—કોઈ એક રસ્તે તો કોઈ બીજે રસ્તે. આનંદના એ અવિનાશી અખૂટ ખજાનાને હાથ કરવાના સૌના પ્રયાસ છે. તે માટે જ સૌની સાધના છે. સંસારના પદાર્થો ને

વિષયમાં પણ આનંદ નથી એવું કોણ કહી શકે? આનંદ બધે જ ફેલાયેલો છે... ભલે પછી તેના સ્વરૂપમાં ફેર હોય. આત્મમાર્ગના મુસાફરોએ દીર્ઘ સમય સુધી મંથન કરીને જે અક્ષરસાધના કરી ને તેને પરિણામે પરમાનંદનો પરમભંડાર હાથ કર્યો તેનો ઉલ્લેખ તે કરી ગયા છે, ને બીજા તે માર્ગના મુસાફરોને આજે પણ તે કામ લાગે તેમ છે. આત્માની અનુભૂતિ કરનારને એવા પરમનંદની પ્રાપ્તિ થાય છે એમ ઉપનિષદનું કહેવું છે.

તે પરમાત્મા સૌના આદિ છે, કારણ છે; તે જ પ્રાણતત્ત્વરૂપે રહેલા છે, ને તેમાંથી જ આ સંસારની ઉત્પત્તિ થાય છે. સૌના હૃદયપ્રદેશમાં તે જ રહેલા છે. તે આત્મા પણ કહેવાય છે. શરીરની અંદર ને સંસારમાં બધે બહાર તે જ પરમાત્મા રહેલા છે. તે બંનેનું સ્વરૂપ સરખું જ છે. તેમાં જે ભેદ જુએ છે તે અજ્ઞાની છે. તે દુ:ખી થાય છે. પરંતુ જે અભેદભાવે તેનું દર્શન કરે છે તે જ્ઞાની કહેવાય છે. આત્મા શરીરના મધ્યભાગમાં રહેલો છે. તે ભૂત ને ભવિષ્યનો સ્વામી છે. તેનું માપ અંગૂઠા જેટલું છે. તેનો પ્રકાશ ધુમાડા વિનાના અગ્નિ જેવો છે. તે આજે છે ને કાલે પણ રહેશે—મતબલ કે અવિનાશી છે. તેને જે નથી જાણતો તે માણસ વારંવાર જન્મ ને મરણના ચક્રમાં ફર્યા કરે છે. જે સાધક તે આત્માનો અનુભવ કરી લે છે તેનો અનુભવ કરી લે છે તેનો આત્મા પરમાત્મા સાથે એકરૂપ થઈ જાય છે. આવાગમનનું એનું ચક્ર પૂરું થાય છે.

એવો આત્મદર્શી સાધક જડ ને ચેતનમાં બધે જ તે પરમાત્માનું દર્શન કરે છે ને આંતર રીતે સૌની સાથે એકતાનો અનુભવ કરે છે. તેને કોઈનો ભય નથી લાગતો ને કોઈનો દ્વેષ પણ તે નથી કરતો. ભારતવર્ષમાં એવા—એવા મહાન અનુભવી



સતપુરુષો થઈ ગયા છે કે જે વાઘ ને સિંહ જેવાં હિંસક પ્રાણીમાં પણ પરમાત્માનો પ્રકાશ જોતા ને તેમનાથીય ન ડરતા. તેમના સમાગમથી મોટા—મોટા હિંસક, ખૂની કે લૂંટારાઓ પણ સુધરી ગયા છે. તેમના પ્રાણમાંથી નીકળતાં સાર્વત્રીક સ્નેહનાં કિરણ તેમના સંસર્ગમાં આવનારા જીવોને વત્તીઓછી અસર કરીને સ્નેહથી રંગી દે છે.

### મરણ પછી શું?

કઠોપનિષદનો આટલો વિચાર કર્યા પછી આપણને થાય છે કે બીજી બધી વાત તો ઠીક, પરંતુ મરણ પછી જીવનું શું થાય છે એ નચિકેતાના મૂળ પ્રશ્નનો યમદેવે બરાબર ઉત્તર કેમ ન આપ્યો? જો કે અત્યાર સુધીના વિવેચન પરથી એક વાત તો સમજાઈ ગઈ કે પરમાત્માદર્શી પુરુષને ફરી જન્મવાનું નથી રહેતું—તેનો આત્મા પરમાત્માદર્શી પુરુષને ફરી જન્મવાનું નથી રહેતું—તેનો આત્મા પરમાત્મામાં મળી જાય છે. પરંતુ બાકીના જીવોની ગતિનું શું તે પ્રશ્ન ઊભો રહે છે, ને તેનો ઊડતો ઉલ્લેખ બીજા અધ્યાયની બીજી વલ્લીમાં કરવામાં આવ્યો છે.

મરણ પછીની ગતિ કે સૃષ્ટિનો આપણે વિચાર કરીએ છીએ એનો અર્થ એ થયો કે પુનર્જન્મના સિદ્ધાંતનો સ્વીકાર કરીએ છીએ. ભારતવર્ષમાં સંસ્કૃતિના છેક ઉષ:કાળથી જ એ સર્વમાન્ય થઈ ગયો છે. વિજ્ઞાન ને બીજી વિદ્યાઓના વિકાસ પછી હવે તે વિશે કોઈને શંકા નથી રહી એમ કહીએ તો વધારે પડતું નથી જ. આ દેશમાં આ સિદ્ધાંત અત્યંત પ્રાચીનકાળથી માન્ય થયેલો છે તેની સાબિતી આ ઉપનિષદ પરથી સહેજે મળી રહે છે.

યમદેવના ખુલાસાનો વિચાર કરીએ છીએ ત્યારે બીજા અધ્યાયની આ વલ્લીની શરૂઆતમાં જે થોડું વિવરણ આવે છે

તે આપણું ધ્યાન ખેંચ્યા વિના નથી રહી શકતું. ગીતામાં શરીરને નવ દ્વારવાળું કહેવામાં આવ્યું છે. અહીં યમદેવ તેને અગિયાર દરવાજાવાળા એક મહાન નગરની સાથે સરખાવે છે. તે ઉપમા અત્યંત સુંદર લાગે છે. તે કહે છે કે અગિયાર દરવાજાવાળા શરીરમાં જે પરમાત્માનો પ્રકાશ છે તેનો વિચાર ને સાક્ષાત્કાર કરીને માણસ પરમ શાંતિને મેળવી લે છે. શરીરમાંથી છૂટીને તે કાયમ માટે મુક્ત થાય છે. તે આત્મા જ આકાશમાં સૂર્યરૂપે વિચરણ કરે છે. અંતરીક્ષમાં, પૃથ્વીમાં,મનુષ્યમાં, દેવમાં, સૌમાં તે જ વ્યાપક છે. પ્રાણ ને અપાન જેવા વાયુને તે જ નિયંત્રણમાં રાખે છે. તે આત્મા શરીરમાંથી વિદાય થાય છે પછી શરીર નિસ્તેજ ને નિષ્ક્રિય બની જાય છે. તેમાં જીવન જેવું કાંઈ નથી રહેતું. તે આત્માને લીધે જ સૌનું જીવન ટકી રહ્યું છે ને સૌ શ્વાસ લઈ રહ્યાં છે.

યમદેવ કહે છે કે કેટલાંક મનુષ્યો મરણ પછી શરીર ધારણ કરવા માટે જુદીજુદી યોનિઓમાં પ્રવેશ કરે છે, બીજા કેટલાક વૃક્ષ, વેલ, છોડ અથવા બીજા સ્થાવરપણાને પામે છે. મરણ પછી ખરેખર કેવી જાતનો જન્મ થશે તે નક્કી નથી. તેનો કોઈ ચોક્કસ નિયમ બાંધી શકાય તેમ નથી, ને યમદેવ પોતે પણ તેવો નિયમ નક્કી કરતા નથી, પરંતુ દરેકના જ્ઞાન કે કર્મ પ્રમાણે બીજો જન્મ થાય છે એવો સર્વસામાન્ય સિદ્ધાંત કહી બતાવે છે. જન્મ થાય છે તે નક્કી છે. કોઈ પણ જીવ પૂર્ણતાની પરિસીમાએ પહોંચ્યા વિના અથવા પરમાત્માને ઓળખ્યા વિના જન્મ ને મરણના ચક્રમાંથી છૂટી શકતો નથી. મતબલ કે આત્માનુભવથી રહિત એવા પ્રત્યેક પ્રાણીને વારંવાર જન્મવું પડે છે. પણ તે જન્મ ક્યા પ્રકારનો હશે કે થશે તે કોઈ કહી શકતું નથી. સ્વયં યમદેવે પણ તેનો ખુલાસો નથી કર્યો. (ક્રમશઃ)



# Death : A complete circle

**Parth Pathak**
age 12

'Life is the wheel of the cycle god is riding, and death is a part of it .' At the end of a busy life successful or unsuccessful a man lies eternally at rest. Death has many aspects and to me, a relative's death is the most shocking.

One fine morning, you wake up, refreshed and in high spirits. And your mother tells you, as she is packing, "Come, dear, we need to go to your Nana's house," You catch a hint of sadness in her voice. You follow her instruction without asking why. As you reach Nana's house, you see it's all so gloomy, and you wonder why. You present your doubts to your mother and she replies slowly, " this house is gloomy becuse your nana has left for heaven", and after a brief moment she starts to cry, hiding her face in her hands. A question arises in your mind, "Why? Why death?"

Every day we read in the newspaper about people dying in accidents, natural calamities and so on, but we do not get affected for long

by such deaths. Only if your own relatives or friend dies, you get a real shock. You may never have thought about death until it happens to someone close to you, and never taken it seriously. The pain of losing a loved one can not be realised until you really experince it.

We all often forget that we are on the earth only for a short period of time, of which we should make good use, for we have to die one day. The presence of a loved one turns into an absence, in single moment. It creates an empty space inside us which cannot be filled again. Death must come to evertone. A person can't live forever, for life cycle must go on, and a person will one day reach the last step of life.

At death, the wheel completes one round but does not stop its journey; it goes on. It leaves a mark behind on the road which may never be erased. A memory of the loved one who has just left us is inprinted in your mind for ever.

(Some short poems composed by Parth Pathak)



## Soothing

The harsh sun
shone upon me,
Burning my back.
The air,
Taking pity,
Blew a gentle breeze of wind.
Soothing my burning skin.

## The Little Red Ball

The little red ball
out there in the sky
Glared at me like His majesty
But like everybody
He sank down to sleep
Beyond the mountains green.

## Struggle for Life

The wind blowing hard
Gave a challenge to the leaves
Some lost the struggle
And fell off.
Yet some didn't
And at last their hope paid off
And the wind settled down
Leaving them in peace.

# પ્રશ્નોત્તરી

**શ્રી યોગેશ્વરજી**

## ગુરકૃપા

**પ્રશ્ન :** ગુરુકૃપા શું છે અને કેવી રીતે પ્રાપ્ત થાય? શું ગુરુકૃપાની પ્રાપ્તિને માટે ગુરુમય બની જઈને ગુરુની ખૂબખૂબ સેવા કરવી જોઈએ એ શું સાચું છે?

**ઉત્તર :** ગુરુકૃપા ખરેખર શું છે એ તો જે એનો અનુભવ કરે તેને જ ખબર પડી શકે. છતાં પણ, કહેવાને ખાતર એટલું જરૂર કહી શકયા કે ગુરુકૃપાથી આત્મોન્નતિના માર્ગમાં મદદ મળે છે, અને ઈશ્વરના સાક્ષાત્કારનો મનોરથ સહેલો બને છે. દુર્ગુણોની નિવૃત્તિ કરીને સદ્‌ગુણોની પ્રાપ્તિમાં તથા દુષ્કર્મોનો અંત આણીને સત્કર્મોના અનુષ્ઠાનમાં તે મદદરૂપ થાય છે. જીવનને નિર્મળ, ઉદાત્ત તથા ઈશ્વરમય બનાવવામાં તેની મદદ મળે છે. એક રીતે કહીએ તો ગુરુકૃપા એ ઈશ્વરની અસીમ કૃપાને માટેનું પ્રમાણપત્ર કે પ્રવેશદ્વાર છે. એ થતાં ઈશ્વરકૃપા દૂર નથી રહેતી. ગુરુના રૂપમાં આવીને સૌથી પહેલાં ઈશ્વર જ પોતાની કૃપા વરસાવે છે. ગુરુની કૃપા દ્વારા જે ધન, વૈભવ, પદ, પ્રતિષ્ઠા ને સાંસારિક સુખોપભોગની ઈચ્છા રાખે છે તે ભારે ભૂલ કરે છે. ગુરુની કૃપાના સાચા રહસ્યને તે નથી સમજતા. ગુરુની કૃપા કેવળ સાંસારિક સુખસમૃદ્ધિને માટે નથી વટાવવાની, પરંતુ તેનો લાભ લઈને ઈશ્વરના સાક્ષાત્કારના મહત્ત્વના ધ્યેય તરફ આગળ વધવાનું છે, એ નથી ભૂલવાનું.

તમારા બીજા પેટા પ્રશ્નના ઉત્તરમાં કહેવાનું કે ગુરુકૃપાની પ્રાપ્તિને માટે ગુરુની મન મૂકીને સેવા કરવી જોઈએ. એ તો



સાચું જ છે, પરંતુ એની સાથેસાથે ખાસ ધ્યાન ગુરુના ઉપદેશ કે સંદેશ પ્રમાણે ચાલવા પર આપવું જોઈએ. ગુરુ જે કહે તે શ્રદ્ધા તથા પ્રમાણિકતા સાથે ઉત્સાહ ને ખંતપૂર્વક કરવું અથવા તો એમણે નિર્દેશેલા આત્મકલ્યાણના માર્ગ પર આગળ વધવું અત્યંત આવશ્યક છે. આ વસ્તુ ખાસ નોંધવા જેવી છે. કેમ કે ગુરુની સેવા કરવામાં આવે પરંતુ એમના સદુપદેશનું અનુષ્ઠાન કરવામાં ના આવે તો કોઈ વિશેષ હેતુ નથી સરતો. ગુરુએ બતાવેલા માર્ગ પ્રમાણે ચાલવામાં આવે, અને ગુરુની શ્રદ્ધાપૂર્વક સેવા કરવામાં આવે, તો તેથી પ્રસન્ન થઈને ગુરુ કેટલીક વાર અનુગ્રહ કરે છે, ને આધ્યાત્મ મંદિરનાં ગુપ્ત દ્વાર ઉઘાડી આપે છે.

## ગુરુની આવશકતા ખરી કે નહિ?

**પ્રશ્ન :** તમે પહેલાં એકવાર લખેલું કે અંતરની ઉત્કટ ઈચ્છા હોય તો ગુરુ ચોક્કસ મળે છે. પરંતુ માણસને કેટલાય સંત મહાત્માઓ મળે, તેમની સાથે વાર્તાલાપ થાય, તે કાંઈ શીખવે તે પ્રમાણે માણસ કરે પણ, તો તે મહાત્મા તેના ગુરુ ખરા કે નહિ?

**ઉત્તર :** જેની પાસેથી આપણે કાંઈક શીખવા, સમજવાનું મળે છે અથવા તો જેના બતાવેલા સાધન માર્ગને નજર સમક્ષ રાખીને આપણે આગળ વધતા રહીએ છીએ તેને ગુરુ માનવામાં કશી જ હરકત નથી. ગુરુ તરીકેની શ્રદ્ધાભક્તિ આપણે તેનામાં ધારણ કરી શકીએ છીએ. ગુરુ આપણને વાસ્તવમાં અજ્ઞાનરૂપી અંધકારમાંથી જ્ઞાનના પરમ પ્રકાશમાં લઈ જાય છે તથા અશાંતિમાંથી શાંતિમાં, બંધનમાંથી મુક્તિમાં, અને આત્માનુભવથી રહિત દશામાંથી આત્માનુભૂતિની અસાધારણ અવસ્થામાં પ્રવેશ કરાવે છે. એ કામમાં મદદરૂપ થાય તેને ગુરુ જરૂર કહી શકાય.

**પ્રશ્ન** : માણસ પોતાના ગુરુને જ્યારે પહેલીવાર મળે ત્યારે એને કેમ ખબર પડે કે આ જ મારા ગુરુ? એમના પ્રત્યે કોઇ અનન્ય ભાવ કે આકર્ષણ થાય છે?

ઉત્તર : કોઈવાર આકર્ષણ થાય છે તો કોઈવાર નથી પણ થતું. કોઈવાર એવા મહાપુરુષની સંનિધિમાં પ્રથમ મુલાકાતે જ ઊંડી જ શાંતિ મળે છે, તો કોઈવાર નથી પણ મળતી. એ બાબત કોઈ એકસરખો સર્વસામાન્ય નિયમ નથી કરી શકાતો. મારી સમજ પ્રમાણે ગુરુની પસંદગી માટે ઉતાવળ ન કરવી જોઈએ. ગુરુના સંસર્ગમાં અવારનવાર આવવું જોઈએ એમના જીવનનું કે જીવનના જુદા જુદા પાસાઓનું બારીકાઈથી વિવેકપૂર્વક નિરીક્ષણ કરવું જોઈએ. અને પછી જ આપણો અંતરાત્મા જો કબૂલ કરે તો તેમને ગુરુ તરીકે સ્વીકારવાં જોઈએ. ગુરુ ને શિષ્યનો સંબંધ સમસ્ત જીવન પર અસર પહોંચાડનારો હોવાથી, તેની સ્થાપના કોઈપણ પ્રકારની લાગણી, ભાવના કે ધૂનથી દોરવાઇ ગયા વિના, પૂરતા વિચારપૂર્વક તથા શાંતિથી કરવી જોઈએ.

**પ્રશ્ન :** અમુક એક માર્ગમાં શું ગુરુ એક જ થઇ શકે ? વધારે ન થઈ શકે ?

**ઉત્તર :** મુખ્ય આધ્યાત્મિક ગુરુ તો એક જ હોઇ શકે અને એક હોય તે જ સારું છે, પરંતુ જેમની પાસેથી જીવન વિકાસની બીજી મદદ મળતી રહે તેવા પેટા ગુરુ બીજા કેટલાય હોય શકે ખરા.

**પ્રશ્ન :** ગુરુની આવશ્યકતા ખરી કે નહિ ?

**ઉત્તર :** તે તમારે નક્કી કરવાનું છે. જ્યાં સુધી તમે અપૂર્ણ છો અને પોતાની મેળે આગળ નથી વધી શકતા, ત્યાં સુધી તમારે કોઈને કોઇ પથપ્રદર્શક જોઈશે જ અને તે જ ગુરુ છે.



**પ્રશ્ન :** ગુરુને ઈશ્વરરૂપ કહેવામાં આવે છે શું તે સાચું છે ?

**ઉત્તર :** તાત્ત્વિક રીતે સાચું છે. કારણ કે ઈશ્વરનો પ્રકાશ ગુરુમાં વિશેષ પ્રમાણમાં પથરાયેલો હોય છે. ગુરુ ઈશ્વરના પ્રતિનિધિ છે. જો ગુરુએ ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યો હશે તો તે ઈશ્વર સાથે એકરૂપ બની ગયા હશે. અને જો સાક્ષાત્કાર કરવાનો પ્રયાસ હશે તો પણ, તે બીજા કરતાં ઈશ્વરની વધારે નજીક તો હશે જ. ગુરુને ઈશ્વરરૂપ કહેવામાં આવે છે તે ઈશ્વરદર્શી ગુરુને માટે જ કહેવામાં આવે છે તે ખાસ યાદ રાખવાનું છે—જેવા તેવા ભળતા ગુરુને માટે નહિ.

**પ્રશ્ન :** ગુરુની પસંદગી કરતી વખતે કઇ કઇ વાતો ધ્યાનમાં રાખવી જોઈએ ?

**ઉત્તર :** ગુરુની પસંદગી માટે ઉતાવળ કરવાની જરૂર નથી. ગુરુના જીવનને કે વ્યવહારને શાંતિથી જોવાની જરૂર છે, જેથી કોઇ ભળતા માણસના હાથમાં પડીને જીવનને બરબાદ કરી ન બેસાય. ગુરુના વિચારો તમને ગમે છે કે નહિ, તે ખાસ જોજો. તેને સાધનામાં રસ છે કે નહિ, અને તે સાધનાત્મક અનુભવ ધરાવે છે કે નહિ, તે પણ જોજો. તેનો સ્વભાવ તમને પસંદ પડે છે કે નહિ તે પણ વિચારજો. તે બને ત્યાં સુધી વ્યસની ન હોય, લૌકિક લિપ્સાથી યુક્ત ન હોય, તેમ જ પરમાત્મના પ્રેમ અથવા આત્મજ્ઞાનથી વંચિત ન હોય તે ખાસ જોજો. વારંવારના પરિચય પછી જો તમને તમારે માટે યોગ્ય લાગે તો તેનો ગુરુરૂપે સ્વીકાર કરજો.અને એક વાર સ્વીકાર કર્યા પછી બધા સંજોગોમા દ્રઢ વિશ્વાસપૂર્વક વળગી રહેજો. તમારું હૃદય જેને એકવાર સમજપૂર્વક માન્ય કરે, તેને ચંચલ બનીને નજીવા કારણોસર છોડી ન દેતા અને નિંદવા પણ ન માંડતા, કદાપિ નહિ.

# પનામાનો પુણ્ય પ્રવાસ

(ગતાંકથી ચાલુ) —મા સર્વેશ્વરી

**તા. ૨૯—૭—૦૫ શુક્રવાર**

પ્રભાત પ્રગટે છે. ગઈકાલનો પરિશ્રમ આજે જરા ઓછો છે.

૨૭૧ પ્રણામ તો થયા છે. શીર્ષાસન પણ થયું છે.

મંત્રજપ પ્રારંભ પામે છે.

બપોરે ૨ : ૩૦ વાગે સમાચાર મળે છે કે શ્રી મહેતા સાહેબે આ પૃથ્વી ઉપરથી વિદાય લીધી છે. જરા આઘાત ધરે તેવા સમાચાર છે. એમની વિશેષતાઓ તરત જ મનને ઘેરી વળી.

૧૯૮૫માં સ્વર્ગારોહણના સર્જનનો કાર્યભાર શ્રી મહેતા સાહેબે જ ઉપાડેલો. ભરૂચ શિબિર એકલે હાથે કરેલી. ગાંધીનગર પ્રવચનો ગોઠવેલા. નવસારી પણ પૂ. શ્રીના એ જ યજમાન હતા.

માના જીવનનું ૧ મહિનાનું મૌન એકાંત એમના જ ઘરે લેવાયું. લીલામૃત લખાયું.

શ્રી સ્નેહલત્તાબહેનની વિદાય પછીની એકલતા એમને સૂર્યાસ્ત તરફ દોરી ગઈ.

હે હરિ! એમને શાંતિ આપો. એમની જીવનયાત્રામાં સત્કર્મો સહાયક થાઓ.

આજે ૩ થી ૫ની સત્સંગની બેઠકમાં માએ શ્રીમહેતા સાહેબ માટે પ્રાર્થના કરાવી. આજે લગભગ ૨૦૦ ભક્તો હાજર હતા. ૨ : ૩૦ થી ૩ : ૩૦ ભજનોની સમઝટ જામી હતી. માએ ભજનોની જે ચડસાચડસી જાણે હરિફાઈ જેવું લાગતું હતું તે



અંગે ટકોર કરી. દરેક ભજનને અંતે ૫ મંત્રગાન કરાવો જેથી બીજા ગાયક તૈયારી કરી શકે. સૌને એ વાત ગમી તો ખરી પણ અમલમાં કેટલી મુકાય તે તો પ્રભુ જાણે!

પૂ.શ્રીના પ્રવચનમાં સરસ વાતો હતી. સાંજે અમદાવાદ દમયંતીબહેન સાથે ફોન ઉપર વિગત જાણી. પછી શ્રી મહેતા સાહેબને ત્યાં ફોન કર્યો. સંધ્યાબહેન મળ્યા. શ્રી મહેતા સાહેબની વિશેષ સ્મૃતિને ફરી વાગોળી.

આજે હંસાબહેન, અંબુભાઈ, રૂક્ષ્મણીબહેન, પ્રભુદાસ, હિતેશ, અનિલ, મીતા, સરોજ અને બાળકો મળે છે.

બે કલાક બેઠા છે. સત્સંગની જ વાતો થઈ છે. સત્કર્મોની પણ વાતો થઈ છે.

મોડી રાતે સાડા નવ વાગે શ્રીવિમળાબહેન—સુરેશભાઈ આવે છે. તેમની સાથે પણ સત્સંગની જ વાતો થઈ છે.

મા કેનેડા જરૂર પધારો. સૌ આજે આગ્રહ કરી રહ્યા છે. લગભગ ૧૧વાગે બીના—દિવ્યેશને તેમના બે બાળકો મળે છે. બન્ને બાળકોના નામ માએ જ આપ્યાં છે. દિવ્યેશ—બીના બન્ને શ્રદ્ધાળુ ભક્ત છે. દરિયાકિનારે પણ એક કાર્યક્રમ રાખી શકાય તેની ચર્ચા થઈ છે.

મા : ટી.વી. ઉપર હવામાન જોઈને ગોઠવી શકાય.

દિવ્યેશ : બધો આધાર મા ઉપર છે. મા નક્કી કરે તે દિવસે વરસાદ ન પડે. એકવાર મા કહી દે એટલે બધું જ કામ થઈ જાય. મને જ્યારે જાણ થઈ કે માએ ૨૭ રાતનું બુકીંગ કરાવ્યું છે. તે દિવસથી મેં તો ચિંતા છોડી દીધી હતી કે મા જાણે જ છે કે વીઝા મળી જ જશે. માનો કાર્યક્રમ છે તો મા જ વીઝા લઈ લેશે ને આવશે જ. ને સાચે જ આવી ગયાં ને મા આ બીના આખો

દિવસ મા પધારે તેની તૈયારીમાં જ હતી. રોજ રાતે કહે મને કંઇ સમજાતું નથી. મા તમે મને સપનામાં આવીને કહી જજો કે હવે મારે કેવી રીતે, ક્યાં સજાવટ કરવી ને બીજે દિવસે નવું જ મા સુઝાડી દે. એ તો એમ થાકીને કહેતી કે મા તમે મને ના સુઝાડો તો કાલે હું કંઇ જ નથી કરવાની.

ને રોજ સવારે નવું જ કંઇ સુઝતું....

જાણે બીના વિશેની દિવ્યેશની વાતો મા કેવું સહજ સમર્પણ ને કેવી પ્રાર્થના થઇ તેનું આ ઉપર લખાયું તે દર્શન હતું.

થાકીને હારીને શ્રી હરિને કહીને સૂઇ જવાનું ને પાછું સવારે કોઇ નવી જ રીત, નવી જ દિશા, નવી જ પદ્ધતિ બીનાના મનઅંતરમાં જાગી જતી.

કેવું સરસ શ્રદ્ધા–ભક્તિનું ભાથું શ્રી હરિએ આજે ધરી દીધું છે.

ઉગતા યુવાનના હૈયામાં પ્રભુ અલૌકિક રીતે શ્રદ્ધાના વેશમાં પ્રવેશ કરી લે છે. કોઇ માને કે ના માને, કોઇ જુએ કે ના જુએ. પણ શ્રદ્ધાનું અલૌકિક ભાથું આ દિવ્યેશ અને બીનમાં જોઇ શકાય છે.

એ જ રીતે શ્રી ગુલાબબહેન તો કદીપણ સંસારની કોઇ કથા ખાસ કરતો નથી. મા અમને પણ મોક્ષ માર્ગે આગળ લઇ જાવ. અમે તો જેવા છીએ તેવા જ છીએ. અમારી સ્થિતિ જોઇને આપને કેવું લાગતું હશે! પણ મા અમને તારજો. અમારી સર્વ પ્રાર્થના મંજૂર કરજો. ઋણાનુબંધે જે મળ્યા છે તે પૂર્ણ કરાવી બીજા જન્મે આપની જ સાથે રહેવું છે.

મા સ્વર્ગારોહણ ખૂબ ગમે છે. કૃપા કરજો કે ત્યાં રહીને થોડું ભાથું બાંધી શકાય.



એટલે અહીં આ યજમાન પરિવારના ત્રણે પાત્રો શ્રદ્ધાળુ છે. શ્રી વસંતભાઇ પણ અનન્ય ભક્તપુરુષ હતા.

હે હરિ! યજમાન પરિવારનું સર્વપ્રકારે મંગલ કરો, કલ્યાણ કરો, હે હરિ! આપના પાવન શ્રી ચરણોમાં પ્રણામ, પ્રણામ.

**પનામા તા. ૩૦–૭–૦૫ શનિવાર**

પ્રભાતે જેવો પલંગનો પરિત્યાગ થતાં જ ૧ પ્રણામ કરવાની ટેવ છે જ. પછી સ્નાન શીર્ષાસન, ને ૨૭૧ પ્રણામ. ભારે ગરમી લગભગ ઘણા વિશ્રામ સાથે પૂર્ણ થયા.

પ્રણામ બાદ તા ૧ થી ૫નો કાર્યક્રમ ઘડાયો. વળી સાધકો પણ અહીં પોતાનો ખર્ચ આપે એ સૌ જાણે છે. એટલે અહીંનો મોટલનો હોલનો બસનો ખર્ચ ગણીને દરેક સાધક પાસે ૨૦ ડોલર લેવાનું નક્કી થયું છે.

આજે પણ શ્રી સ્નેહલત્તાબહેન અને શ્રી.મહેતા સાહેબનું સ્મરણ થયું.

સાંજે ૩ થી ૫ બેઠકમાં હાજરી આપી. યાત્રાનો એક દિવસ શ્રી જગુભાઇ વાંચે છે ને થોડુંક બોલે છે.

પૂ.શ્રી.નું ભક્તિ ઉપર સરસ પ્રવચન હતું. મા રોજની નોંધ વિશે થોડી વાતો કરે છે.

રાતે શ્રી સુલોચનાબહેન, પીયુષભાઇ, અનસૂયાબહેન, શ્રીચંદ્રકાંતભાઇ, દક્ષાબહેન, શકુબહેન, પુષ્પાબહેન, રાધા, શ્રીશાંતિબહેન, શ્રીઠાકોરભાઇ મળે છે. એ સૌ આજે જ આવ્યા છે.

જૂની કવિતાઓ આજે પ્રથમ ચાર ભાઇબહેનો પાસે મા યાદ કરાવે છે.

આજે મંત્રજપ રાતે ૧૨ : ૦૫ વાગે પૂર્ણ થયા છે.

માના ફળાહારનો સર્વ સેવાનો ભાર શ્રી કંચનબહેન શાંતિથી, પ્રેમથી, શ્રદ્ધાથી ઉપાડે છે. શ્રી ભગવાનજી, શ્રીવિનોદભાઇ, શ્રી દિવ્યેશભાઇ પણ બજારમાંથી ફળો લાવવામાં સહાયક થાય છે.

૩ થી ૫ની બેઠકમાં સરસ ધૂન—ભજન, પ્રાર્થના થાય છે, આ ઘરની સ્પેનીસ સેવિકા જે પનામીયન છે. આજે તેણે પણ એક ધૂન ગવડાવી.

ૐ યોગેશ્વર રક્ષમામ્,
મા સર્વેશ્વરી પાહિમામ્,

શુદ્ધ ઉચ્ચાર સરસ તાલ, ને કંઠ પણ સરસ. સ્પેનીસ છોકરી ગુજરાતી ધૂન ગવડાવે નોંધવા જેવી તો ઘટના છે જ ને! મા તેને ઉપર બોલાવે છે. અભિનંદન આપે છે. ૧૦ ડોલર ને ફળો આપે છે. તે છોકરી નીચા નમીને પ્રણામ પણ કરે છે.

અનિલભાઇએ એ દૃશ્યને કેમેરામાં મઢી લીધું છે.

ક્યારે, ક્યાં, કોને કેવી પ્રેરણા શ્રી હરિ જગાડે તે કોણ કહી શકે?

આ નાનકડી છોકરીની ધૂન સૌને ગમી ગઇ છે.

પનામાની આ ધરતી ઉપર સત્સંગની મોજ માણવા કેનેડા અને અમેરિકાથી કૂલ ૬૦ ભક્તો આવી રહ્યા છે.

નવો દેશ છે. તેનું દર્શન થશે. શ્રી વસંતભાઇની ઇચ્છા પૂરી થશે માનું સાન્નિધ્ય મળશે.

એવી ૩ કલ્પના સાથે સૌ આવી રહ્યા છે. પાંચ દિવસનો કાર્યક્રમ આ રીતે છે.

પનામાના હિન્દુમંદિરની નીચે સમાજનો હોલ છે. તેમાં કાર્યક્રમ થશે.



# રામનામનો મહિમા

ગાંધીજી

### જપની ખૂબી

સેરેસોલ : ''આ એકની એક વસ્તુ ફરીફરીને ગવાય છે એ મારા કાનને રુચતું નથી. એ મારા બુદ્ધિવાદી ગણિતી સ્વભાવની ખામી હોઇ શકે. પણ મને એકના એક શ્લોકો ફરીફરીને ગવાય એ ગમતું નથી. દાખલા તરીકે બાકના અદ્ભુત સંગીતમાં પણ એકનું એક ભજન ફરીફરીને ગવાય છે ત્યારે મારા મન પર એની અસર પડતી નથી.''

ગાંધીજીએ હસતાં હસતાં કહ્યું : ''પણ તમારા ગણિતમાં પુનરાવર્તી દશાંશ હોય છે ને!''

સેરેસોલ : ''પણ દરેક દશાંશ ફરી આવે છે ત્યારે નવી જ વસ્તુ સુચવે છે.''

ગાંધીજી : ''એ જ રીતે દરેક જપમાં નવો અર્થ હોય છે. દરેક જપ માણસને ઇશ્વરની વધારે સમીપ લઇ જાય છે. આ ખરેખરી હકીકત છે; અને હું તમને કહું કે તમે કોઇ સિદ્ધાંતવાદીની સાથે વાત નથી કરતા પણ એવા માણસની સાથે વાત કરો છો જેણે આ વસ્તુનો જીવનની પ્રતિક્ષણે અનુભવ કર્યો છે—એટલે સુધી કે આ અવિરત ક્રિયા બંધ થવી જેટલી સહેલી છે એના કરતાં જીવ નીકળી જવો વધારે સહેલો છે. એ આત્માની ભૂખ છે.''

''એ હું બરાબર સમજી શકું છું, પણ સામાન્ય માણસને માટે એ પોપટિયા ગોખણ થઇ જાય છે.''

"સાચું, પણ સારામાં સારી વસ્તુનો દુરુપયોગ થવાનો સંભવ રહે જ છે. ગમે તેટલા દંભને માટે અવકાશ છે ખરો, પણ દંભ એ પણ સદાચાર સ્તુતિ જ છે ને! અને હું તો જાણું છું કે દશ હજાર દંભી માણસ મળે તો એવા કરોડો સરળ જીવો પણ હશે જેને નામરટણમાંથી આશ્વાસન મળતું હશે. એ તો મકાન બાંધવા માટે પાલખ જોઈએ જ એના જેવી વાત છે."

સેરેસોલ : "પણ તમે આપેલી ઉપમા જરા આગળ લઈ જાઉં. મકાન બંધાઈ રહે ત્યારે પાલખ ખસેડી લેવી જોઈએ ને?"

"હા, જ્યારે આ દેહ ખસી જાય ત્યારે એ પણ ખસે."

"એમ કેમ?"

વિલકિનસન આ સંવાદ ધ્યાનપૂર્વક સાંભળતા હતા. એમણે કહ્યું : "એટલા માટે કે આપણે નિરંતર પૂર્ણતા માટે મથ્યા કરીએ છીએ. ઈશ્વર એકલો પૂર્ણ છે, મનુષ્ય કદી પૂર્ણ હોતો નથી."

**રામનામનો જપ**

પ્ર—કોઈની સાથે વાતચીત કરતી વખતે, કંઈ કઠણ કામમાં મગજ રોકાયેલું હોય ત્યારે અથવા ઓચિંતા ગભરાટના વગેરે પ્રસંગોએ પણ હૃદયમાં રામનામનો જપ થઈ શકે? આવી સ્થિતિમાં કોઈ જપ કરતા હોય તો તે કેમ કરતા હશે?

ઉ—અનુભવ કહે છે કે માણસ ગમે તે સ્થિતિમાં હોય, ઊંઘતો કેમ ન હોય, જો ટેવ પડી ગઈ હોય રામનામ હૃદયસ્થ થઈ ગયું હોય તો જ્યાં સુધી હૃદય ચાલે છે ત્યાં સુધી હૃદયમાં રામનામ ચાલતું રહેવું જોઈએ. એમ ન બને તો કહેવું જોઈએ કે, માણસ જે રામનામ લે છે તે કેવળ તેના ગળામાંથી નીકળે છે; અથવા કોઈ કોઈ વાર હૃદય સુધી પહોંચતું હો તો પણ હૃદય પર રામનામનું સામ્રાજ્ય જામ્યું નથી. જો નામે હૃદયનો કબજો



મેળવ્યો હોય તો પછી 'જપ કેમ થાય' એવો પ્રશ્ન પૂછવો ન જોઈએ. કારણ કે નામ જ્યારે હૃદયમાં સ્થાન લે છે ત્યારે ઉચ્ચારણની આવશ્યકતા નથી રહેતી. એ સાચું છે કે, આ પ્રમાણે રામનામ જેમને હૃદયસ્થ થયું છે એવા ઓછા હશે. રામનામમાં જે શક્તિ માનવામાં આવી છે તેને વિશે મને જરાય શંકા નથી. માત્ર ઈચ્છા કરવાથી દરેક માણસ પોતાના હૃદયમાં રામનામ અંકિત નથી કરી શકતો. તે માટે અથાગ પરિશ્રમની જરૂર છે, ધીરજની પણ આવશ્યકતા છે. પારસમણિ મેળવવો છે ને ધીરજ ન રાખીએ તે કેમ ચાલે? ને રામનામ પારસમણિ કરતાં કેટલુંયે અમૂલ્ય છે!

પ્ર—રામનામ હૃદયસ્થ હોય એટલું બસ નથી? એને મોઢે ઉચ્ચારવામાં ખાસ કંઈ છે?

ઉ—રામનામ લેવામાં ખૂબી છે એમ હું માનું છું. જે માણસ ખરેખર એમ માને છે કે રામ તો તેના હૈયામાં રહ્યા છે, તેને સારું રામનામ—રટણની જરૂર નથી, એ હું કબૂલ કરું છું. અંગત અનુભવ પરથી હું કહી શકું કે, રામનામ—રટણમાં કંઈક ચમત્કાર છે. તે કેમ છે અને શો છે તે જાણવાની જરૂર નથી.

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**❈ કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ ❈**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) **શ્રી યોગેશ્વરજી**

એમનાં અનુરાગપૂર્ણ અંતર ભાવિ વિરહની વ્યથાથી વ્યથિત થવા લાગ્યાં.

એમને ખબર હતી કે રાધા પર કૃષ્ણનો સૌથી વધારે પ્રેમ છે એટલે રાધાના કહેવાથી કદાચ કૃષ્ણ માની જાય એવું સમજીને એમણે રાધાને કૃષ્ણને સમજાવવા માટે ભલામણ કરી.

રાધા પોતે પણ કૃષ્ણના ભાવિ વિયોગની કલ્પનાથી દુઃખી હતી.

એણે સુપ્રિયાને કહ્યું :

'વિધાતા પણ કેવો વિચિત્ર છે?'

'ખૂબ જ વિચિત્ર.' સુપ્રિયાએ સહાનુભૂતિપૂર્વક ઉત્તર આપ્યો.

'એનું વિધાન એકદમ અદ્ભુત લાગે છે. એ દયાળુ અને દયાહીન, કોમળ અને કઠોર દેખાય છે. જગતના જુદાજુદા જીવોને એ એકઠા કરે છે, એમની વચ્ચે પ્રેમ તથા મમતા ભરે છે, એમનાં અંતરને અનુરાગમય તેમજ સંવેદનશીલ કરે છે, નવીનવી ભાવના અથવા આકાંક્ષાથી ભરપૂર બનાવે છે, અને એ આકાંક્ષા કે ભાવના પૂરી થાય એ પહેલાં જ એમને અલગ કરે છે. વિયોગના વહ્નિમાં ધકેલી દે છે, ને દુઃખ ધરે છે. એ એક છે છતાં અમૃત અને વિષ બંને ધરે છે, તાપ ને છાયા, વિરહ ને મિલન તેમજ હર્ષ ને શોકની વિરોધાભાસી સૃષ્ટિ કરે છે.'

'તારી વાત સાચી છે, રાધા! વિધાતા હમેશાં પોતાનું ધાર્યું જ



કરે છે. પહેલાં એણે કૃષ્ણના મધુમય મુખનું દર્શન કરાવ્યું, અંતરને એના પ્રત્યે આકર્ષિત કર્યું, અનુરાગમય બનાવ્યું, અને હવે એ મુખને ને મધુમય મુખાકૃતિવાળા કૃષ્ણને આપણાથી દૂર લઈ જવા માગે છે. એનો એ ઘોર અન્યાય કેવી રીતે સહન કરી શકાય?'

રાધાએ એકાદ ક્ષણ વિચાર કરીને કહ્યું :

'વિધાતા છે તો ક્રૂર પરંતુ એથી શું થયું? એની ક્રૂરતા આપણા પર નહિ ચાલી શકે. આપણા હૃદયમાં કૃષ્ણ પ્રત્યેનો જે પ્રખર પ્રેમ છે તેને એ નહિ મારી શકે. કૃષ્ણે જો મથુરા જવાનો સંકલ્પ જ કરી લીધો હશે તો એ સત્યસંકલ્પ હોવાથી કોઈ જ પાછા વાળી નહી શકે. હા, એટલું સાચું છે કે કૃષ્ણનો વિરહ મને મધુર અથવા સુખદ તો નથી જ લાગતો.'

'અને મને પણ નહિ.'

'તને ને મને તો શું, વ્રજમાં કોઈને પણ સુખદ નહિ લાગતો હોય. વ્રજની પવિત્ર ધરતીની રજને પણ નહિ.'

★ ★ ★

રાધા તથા સુપ્રિયાને દેખીને કૃષ્ણ એમના ઉત્કટ મનોમંથનને સમજી ગયા.

એમણે એ બંનેને સાંત્વન આપ્યું.

રાધા મુક્ત રીતે રડવા લાગી ત્યારે કૃષ્ણનું કાળજું અત્યંત કરુણ બની ગયું. એમણે કહ્યું :

'તું નકામી રડે છે, રાધા!'

'નકામી નથી રડતી પરંતુ તારું કાળજું કઠોર છે એટલે મારું રુદન તને નિરર્થક લાગે છે.'

'મારું કાળજું કોમળ હોત તો તું મને છોડીને ના જાત. મને છોડીને જવાનો વિચારે ના કરત.'

'હું તને ઇચ્છું તોપણ છોડી નથી શકવાનો. તું મારા જીવનમાં, પ્રાણમાં, શ્વાસોશ્વાસમાં ને વ્યક્તિત્વમાં એવી ભળી ગઈ છે. તું સદાને માટે મારી સાથે રહેવા સરજાયેલી છે. '

'તો પછી તું મથુરા શાં માટે જઇ રહ્યો છે? સુપ્રિયાએ પૂછ્યું.

'મથુરા જવાનું મારે માટે જરૂરી છે માટે.'

'કેવી રીતે જરૂરી છે?' રાધાએ પૂછ્યું : 'ત્યાં જઇને તું કંસના પહેલવાનો સાથે કુસ્તી ના કરે તો ના ચાલે? મારા કરતાં કુસ્તી તને વધારે પ્રિય લાગે છે?'

'તારાથી વધારે પ્રિય તો શું, તારા જેટલી પ્રિય વસ્તુ પણ મારે મન બીજી કોઇ જ નથી.'

'તો પછી તું મારો ત્યાગ કરવા તૈયાર થયો છે એ આશ્ચર્ય નથી?'

કૃષ્ણે સત્વર અને સસ્મિત કહ્યું :

'બિલકુલ નહિ. તારો બાહ્ય ત્યાગ કરતાં મને પણ દુઃખ થાય છે. તારા વિના મથુરામાં મને પણ નહિ ગમે. તારી સ્મૃતિ પળે પળે પ્રબળ બનીને મને સતાવ્યા કરશે ને બેચેન બનાવશે. તારે માટે મને સૌથી વધારે પ્રેમ છે, રાધા! તું મારા હૃદયમાં ને રોમેરોમમાં વિરાજેલી છે. છતાં પણ કર્તવ્યનો વિચાર કરીને મારે મથુરા જવું પડે છે.'

'કર્તવ્યનો?'

'હા. કર્ત્તવ્યનો. મારો જન્મ જ દુષ્ટોના દમનને માટે ને સમાજને સુખી, શાંતિ ને સમૃદ્ધ કરવા માટે છે. મથુરામાં જઇને



કુસ્તી કરવાનું તો કેવળ નિમિત્ત છે. એને લીધે પ્રજાને પીડિત કરનારા દુષ્ટોનો નાશ થશે. એમના નાશના સમાચાર તું નજદીકના ભાવિમાં જ સાંભળશે અને આનંદ પામશે. પ્રજાના મંગલના એ મહાકાર્યને માટે મને હસતાં હસતાં વિદાય આપ. તારી શુભેચ્છા અને શુભભાવનામાં ઘણી મોટી શક્તિ છે. એ મારી સફળતામાં ઘણો મોટો ભાગ ભજવશે.'

રાધા વિચારમાં પડી. એણે કહ્યું :

'મારી શુભભાવના અને શુભેચ્છા તો સાથે જ છે. તેં કર્તવ્યબુદ્ધિથી પ્રેરાઇને મથુરા જવાનો સંકલ્પ કર્યો છે તો હું તારી વચ્ચે નહિ આવું. પ્રજાના હિત તેમજ સુખશાંતિની વાત તો મને પણ પ્રિય છે. પરંતુ મથુરા જઇને મને ભૂલી ના જતો.'

'ને મને પણ ના ભૂલતો.' સુપ્રિયાએ કહ્યું.

'હું તમને ભૂલી શકું એવું લાગે છે ખરું? કૃષ્ણે પૂછ્યું.'

'લાગતું તો નથી.' રાધાએ કહ્યું; 'છતાં પણ પ્રેમને લીધે સ્વાભાવિક રીતે જ એટલું કહેવાઇ જાય છે.'

(ક્રમશઃ)

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.